Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૨૨ · તા. ૨૪ થી ૩૦ મે ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## પરબ સંસ્થા દ્વારા તિર્થોત્તમ વિશેષ કાર્યક્રમ રૂપે માતૃદિનની ઉજવણી



દીપ પ્રાગટ્ય કરી રહેલા મહાનુભાવો



નવકારમંત્ર અને ગણપતિ વંદના



માતાના સ્વરૂપના બેનર સાથે પરબના સભ્યો

પરબ સંસ્થા દ્વારા તા. ૯.૫.૧૪ના માતૃદિન નિમિત્તે એક ગીત - સંગીત સંવેદનાઓથી ભરપુર કાર્યક્રમ ‘તિર્થોત્તમ’ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય અતિથી શ્રીમતી વંદના ઈશ્વરભાઈ શાહ હતા. વંદનાબેન અને પરબના સભ્યોએ મળીને દીપ પ્રાગટ્ય કર્યું નવકાર મંત્ર અને ગણપતિ વંદના અનોખી રીતે ભરતનાટ્યમ નૃત્ય સાથે કુ. ફોરમ અને કુ. કાવ્યા અમિત શાહે કર્યું. અતિથિઓને સંસ્થાવતી આવકાર પારુલ મોતાએ આપ્યો સંસ્થા પરિચય જયશ્રી દંડએ આપ્યો. લીના કાયાણીએ મુખ્ય અતિથી વંદનાબેનનો પરિચય આપ્યો. વંદનાબેને પોતાના વક્તવ્યમાં સંસ્થાના કામોની સરાહના કરી અને શુભેચ્છાઓ આપી. મીના શાહ આભાર વિધિ કરી. હેમા શાહે પ્રોગ્રામનું સંચાલન ખુબ સુંદર રીતે કર્યું.

અનુસંધાન ૪ થે પાને

## આ પ્રોગ્રામ દરમ્યાન આપણી જ્ઞાતિની ૯ સન્નારીઓ નું વિશેષ બહુમાન કરવામાં આવ્યું.



સ્વાતંત્ર્ય સેનાની ઈંદુબેન ધરમશીનું સન્માન કરતા શ્રીમતી મીરા મોમાયા



માતુશ્રી કાંતાબેન મુલજી લોડાયાનું સન્માન કરતા વંદનાબેન શાહ



ડો. તરલા મૈશેરીનું સન્માન કરતા ચંદનબેન મોમાયા



ડો. ઈલા મૈશેરીનું સન્માન કરતા જયશ્રી દંડ અને લીના કાયાણી



એડ. ચંદ્રપ્રભા ખોનાનું સન્માન કરતા જયશ્રી દંડ



શ્રીમતી મૃદુલા દંડનું સન્માન કરતા દમયંતીબેન શાહ, મીનાબેન શાહ, તરલાબેન ધુલ્લા

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 22/2014**

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ** : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## અબડાસા તેમજ કચ્છમાં કચ્છી સમાજ જમીનો ન વેચેં

ગુજરાતની જમીનોના હિસાબે કચ્છમાં જમીનો ઘણી જ સસ્તી છે. ગુજરાતમાં જયાં કાળા માથાનો માનવી તો શું ચકલું પણ ફરકતું નથી તેવી જમીનો સાત લાખ રૂા વિંગા થી ૩૫ લાખ રૂા વિંગાની છે. તે સામે કચ્છની જમીનો દોઢ લાખ રૂપિયે એકર તદન સસ્તી કહેવાય. ગુજરાતમાં પોણા બે વિંગાનો એકર થાય ત્યારે આપણી દિલેરી અઢી વિંગાનો એક એકર થાય.

'માં નર્મદાના વધારાના નીર કચ્છના તમામ ડેમો જળાશયોમાં એકાદ વર્ષમાં પહોંચશે. જે અફાટ રણમાં અધિકારી કે માનવી નહોતા જતા ત્યાં રણ ઉત્સવ નામે પર્યટન ઉધોગે આલીશાન કમાણી કરાવી આપી છે. માંડવી બીચ, પિંગલેશ્વર, સુથરી, જખૌ બંદર, કોટેશ્વર બંદર, વિકાસની રાહમાં છે.

હવેના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છ પર કેન્દ્રિત કરેલું ધ્યાન હજી ઓર ઉજજવળ બનશે.

જમીન સાચવો અને જમીન વસાવો, વતન તરફ વધુ દષ્ટિ કરો.

*૧૫.૫.૧૪ ગાંધીધામ - લબ્ધિકુમાર મોમાયા*

## પુરાં નામ અટક લખવા વિનંતી

સર્વ જ્ઞાતિજનોને વિનંતિ કરું છું કે સરનામું બદલાવાની કોલમમાં આવતાં અધુરા નામ ઉચિત નથી. તેમજ અહીં તે વ્યક્તિનું મુળ ગામ પણ હોવું જરૂરી છે. આમ થાય તો સરનામા બદલાયાનો આશય જળવાશે પારસ બી પટેલ કે શાહ લખે તો શું સમજવું?

માતા - પિતા, દાદા, મુળ અટક અને મુળ ગામ લખવું જરૂરીછે.

*ભાંડુપ - લહેરચંદ વેલજી મૈશેરી*

## જરૂરી છે મુંબઈ નજીક વૃધ્ધો માટેનું આશ્રય સ્થાન

મહારાષ્ટ્ર અને ગુજરાતના વૃદ્ધોશ્રમો નામની બે પુસ્તિકાઓ પ્રકાશિત કરી ત્યારથી લોકો વૃદ્ધોશ્રમો અંગે માનવજ્યોતમાં ઘણીય પુછપરછ કરતા થયા.

કયાં કઈ સુવિધા કેટલે પૈસે ઉપલબ્ધ છે, ત્યાં રહેવા કરવાનું કેવું છે, સંસ્થાના અધિકારીઓ કેવા છે, ખાવા પીવાનું અને રહેવાનું સારું છે ને? રેલ્વે સ્ટેશન નજીક છે? વિગરે જેવા પ્રશ્નોના ઉત્તર આપતો રહ્યો.

ફોન કરનારાઓમાંના કેટલાક તો પોતાના કરમની કઠણાઈની વાતું પણ કરતા જાય. તેઓ પોતાની આપવીતી એકી શ્વાસે કહેતાં. હું તેમનો બોલી નંખતા શબ્દોને ધ્યાનથી અને સંવેદનાપુર્વક સાંભળતો થયો. થોડીસી સાંત્વના અને સહાનુભુતિના બે શબ્દો પણ કહેતો થયો.

આપણાં કે.ડી.ઓ. પરિવારમાંના કેટલાક પોતાની કરૂણ કથની ફોન દ્વારા, તો કયારેક રૂબરૂમાં અંગત બાબતો જણાવતા થયા. અમને કોઈ એવું આશ્રયસ્થાન બતાવો કે જેથી એ દોઝખમાંથી જલ્દી બહાર છુટીએ.

વડીલ વૃદ્ધજનોની વેદના સાંભળી મનમાં એવો વિચાર આવ્યો કે આપણા કે.ડી.ઓ. માટે મુંબઈની નજીક સિનિયર સીટીઝનો માટે એક સુંદર આશ્રયસ્થાન ના બની શકે? આજે અત્ર તત્ર સર્વત્ર અનેક ઘરઘરકી કહાની હોવાથી અને આ એક સામાજિક પ્રશ્ન હોવાથી તેનો ઉકેલ પણ સમાજ જ લાવે તેવા ઉમદા હેતુથી કેટલાક સમાજશ્રેષ્ઠીઓનો અંગત અભિપ્રાય જાણવા અને તે અંગે કંઈક રચનાત્મક કાર્ય કરવા આ પત્ર તેમના મંતવ્ય માટે મોકલવા છે. આપ વાચકોના અભિપ્રાય પર પણ અવશ્ય વિચારણા કરીશ.

*૨.૫.૧૪ મુલુંડ - કુલીનકાંત ચાંપશી લુઠિયા*

## પરબ સંસ્થા આયોજિત તિર્થોત્તમ કાર્યક્રમ

મધર્શ ડેની ઉજવણી સ્વરૂપે પરબ દ્વારા આયોજિત તિર્થોત્તમ કાર્યક્રમ અદભુત, અભુતપુર્વ અને અવિસ્મરણીય રહ્યો.

મા ના વિવિધ સ્વરૂપોની ઝાંખી કરાવતી સંગીતમય સફર સરાહનીય બની રહી. આપણી જ્ઞાતિની સમાજસેવાને સમર્પિત મહિલાઓનું થયેલું સન્માન આપણી નારીશક્તિ માટે પ્રેરણાદાયી પરિબળ બની રહેશે. આ અવસરે વિદ્યાર્થીનીઓને લેપટોપની ભેટ અપાઈ આ પ્રસંગે માતાઓ સાથે દીકરીઓનું પણ સન્માન કરી સૌના દિલ જીતી લીધા, મધર્સ ડેને મધર્સ એન્ડ ડોટર્સ ડેમા ફેરવી દીધો. અમે આપણી સૌમ્યતા, સહજતા, સરળતા સહૃદયતા અને સૌજન્યશીલતાના પંચામૃતનું આચમન કરી પરબની ટીમની વિરાટતાને વંદન કરીએ છીએ.

પરબની અનુમોદના કાજે શબ્દો જડતા નથી પણ એટલું તો કહેવું પડશે કે રબ હર જગહ નહી પહુંચ સકતા, ઈસલિયે ઉસને બનાયી પરબ.

*મુલુંડ તા. ૧૯.૫.૧૪ - ભારતી ગૌતમ દંડ*

---

### અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

# પરબ સંસ્થા દ્વારા તિર્થોત્તમ વિશેષ કાર્યક્રમ રૂપે માતૃદિનની ઉજવણી





૧. સ્વાતંત્ર્યસેનાની માતુશ્રી ઈંદુબેન ગોવિંદજી ધરમશીને હુબલીમાં ગૃહઉદ્યોગ શરૂ કરીને અત્યાર સુધી ખુબજ સફળતાપુર્વક ચલાવવા માટે.

૨. માતુશ્રી કાંતાબેન મુલજી લોડાયાને અત્યાર સુધી ૪૦૦ કન્યાઓના દાયજા નાતજાતના ભેદભાવ વગર કરવા તેમજ ૧૫૦ જેટલા બાળકોના વિયાતર કરવા બદલ.

૩. બાળકોના સ્પેશિયાલીસ્ટ નારીરત્ન ડો. ઈલા વેરશી મૈશેરી ને અટપટા ઓપરેશનો કરીને આંતરાષ્ટ્રીય ક્ષેત્રે ત્રણ વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કરવા બદલ.

૪. ડો. તરલા લીલાધર મૈશેરીને ૧૯૭૨ના ભારત - પાક યુધ્ધ વખતે તબીબી સેવા તેમજ ૨૦૦૧ના કચ્છના ભુકંપ વખતે કચ્છવાસીઓની નિસ્વાર્થ સેવા બદલ.

૫. એડવોકેટ ચંદ્રપ્રભા બંકીમ ખોનાને ૪૨ વરસથી કાયદાકીય ક્ષેત્રમાં તેમના પ્રદાન તેમજ સ્ત્રીઓ તથા બાળકો માટેની સમાજસેવા બદલ.

૬. ઈનર વ્હીલ ક્લબના ડીસ્ટ્રીક્ટ ચેરમેન શ્રીમતી મૃદુલા હિરાચંદ દંડને સ્ત્રીઓ અને વિદ્યાર્થીનીઓ માટેની સમાજસેવા બદલ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®

**તન મન**

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના વિહારયાત્રા સહ કન્યા શિબિરને સફળતાની ભાવભરી શુભકામના**

- તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ

SHIKHARJI ™

Continental

MADHUBAN - JHARKHAND

06558-232429

**શુભેચ્છાઓ સહ...**

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર

(રંગપુર-કોઈમ્બતુર)

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## જ્ઞાતિ બાળાઓને લેપટોપ ભેટ











ખાસ નોંધ : પરબ સંસ્થા તરફથી જ્યુપીટર હોસ્પીટલ મધ્યે વ્યાજબી દરે હેલ્થ ચેકઅપ પેકેજ ચાલુ છે. રજીસ્ટ્રેશન માટે સંપર્ક જ્યશ્રી દંડ : ૯૮૯૨૨૧૫૫૯૦



સંસ્થા તરફથી મોમેન્ટો, કાશ્મીરી શાલ અને બુકે આપીને બહુમાન કરવામાં આવ્યું.

સંસ્થા તરફથી ૫ વિદ્યાર્થીનીઓ આસ્થા ગૌતમ દંડ, ઉર્વી હરેશ ધુલ્લા, ડીમ્પલ નવીન ખોના, મોનાલી કે. લોડાયા, મીનલ એમ લોડાયા ને લેપટોપ ભેટ આપવામાં આવ્યા હતા.

મધ્યાંતરમાં સંસ્થા તરફથી ચા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્લાસીક કેટરર દ્વારા ચા - નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આરતી મહેતા દ્વારા 'માં' ના વિવિધ વિષયોને આવરીને ગીત - સંગીતનો કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. તેમણે માં, ગંગામાં, માતૃભૂમિ, માતુભાષા, આદ્યશક્તિમાં જેવા વિવિધ સ્વરૂપોને આવરીને ગીતો રજુ કર્યા. પ્રેક્ષકોએ આ પ્રોગ્રામ ખુબજ માણ્યો. નાના મોટા સહુ સંગીતના સથવારે ઝુમી નાચીને પ્રોગ્રામની મજા માણતા હતા. છેલ્લે વંદેમાતરમ ગીત દ્વારા માતૃભૂમિને સલામ કરીને પ્રોગ્રામની પુર્ણાહુતિ કરવામાં આવી. તદ્દન નાવીન્યસભર પ્રોગ્રામ રજુ કરવા બદલ, પ્રેક્ષકાએ પરબની બહનોને ખુબ અભિનંદન આપ્યા.

સંસ્થા તરફથી ઉપસ્થિત બહેનોને ભેટ આપવામાં આવી હતી. અમો આભારી છીએ માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી, શ્રીમતી મધુરીબેન કીરીટ લાપસીયા, શ્રી મુલજી રાઘવજી લોડાયા.

શ્રીમતી તરલા મણીકાંત ધુલ્લા, માતુશ્રી ઈંદુબેન ગોવિંદજી ધરમશી, શ્રીમતી દત્તાબેન મહેન્દ્ર ખીમજી, શ્રીમતી ભારતીબેન મણીલાલ લોડાયા, સ્નેહા અશોક મોતા, અવસર સારીઝ આદિના જે ઓ ઉદાર દિલે સંસ્થાને દાન આપી આ પ્રોગ્રામમાં સહભાગી થયા.



મુખ્ય અતિથી
શ્રીમતી વંદના ઈશ્વરચંદ્ર શાહનું સન્માન



માતૃવંદનનો ગીત સંગીતમય તિર્થોત્તમ કાર્યક્રમ રજુકરતા આરતી મહેતા



માતૃવંદનનો ગીત સંગીતમય તિર્થોત્તમ કાર્યક્રમ રજુકરતા આરતી મહેતા



પ્રોગ્રામ કોઓર્ડીનેટર હેમા શાહ નું સન્માન રહેલા કાશ્મીરા લુઠીયા અને તરલા ધુલ્લા



પ્રેક્ષકગણ



અલ્પહાર

# ક્રિયાકર્મકાંડોમા અટવાઈ ગયેલા જૈન ધર્મના મુળભુત સિદ્ધાંતો

***- લક્ષ્મીચંદ ભવાનજી લાપસિયા (જલગામ)***

જૈન ધર્મની આરાધનામાં જૈનો ક્રિયાકર્મકાંડો તરફ સહેલાઈથી આકર્ષાઈ જવાનું મુખ્ય કારણ છે જૈનાચાર્યોએ તિર્થંકરોને ઉદ્દેશીને રચેલા સ્તુતિસ્તોત્રો. પંડિત જૈનાચાર્યોએ પ્રબોધેલા મહત્વના અણુવ્રત અપરિગ્રહ ને દુર્લક્ષિત કરીને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવને અનુસરીને સ્તુતિસ્તોત્રાદિક સાહિત્યની રચના કરી છે.

શ્રી મહાવીરસ્વામી ક્રિયાકર્મકાંડોથી વિરુદ્ધ હતા. તેમના કાલાવધિસુધી કોઈ સ્તુતિસ્તોત્રો કર્મકાંડો હતા નહીં. શ્રી મહાવીર સ્વામીના કાલવધિ દરમ્યાન બૌદ્ધ ધર્મનો પણ ઉદય થયો હતો. વૈદિક ધર્મના કર્મકંડોથી કંટાળીને લોકો કર્મસિદ્ધાંતો ઉપર આધારિત જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ આ બન્ને ધર્મો તરફ આકર્ષાયા હતા. ધર્મની પસંદગી માટે લોકો પાસે પર્યાયો ઉપલબ્ધ હતા.

શ્રી મહાવીર સ્વામિના નિર્વાણ બાદ લોકોની મનોવૈજ્ઞાનિક સ્થિતી અને તે વખતની એકંદરે પ્રવર્તિત સામાજિક સ્થિતિના તીવ્ર દબાવમાં આવીને લોકોને જોઈતા તાત્કાલિક અને શીઘ્ર પરિણામોની જરૂરીયાત જાણીનેજ તે વખતના ધર્માચાર્યોએ લોકોને જૈન ધર્મ તરફ આકર્ષિત કરવા આ સ્તુતિસ્તોત્રો મંત્ર તંત્ર અને યંત્રોને જોડીને રચ્ચા હોય એવું અભ્યાસકોનું માનવું છે.

મનુષ્યપ્રકૃતિ સ્વાભાવિકરીતે ચમત્કાર પ્રિય હોય છે. જનતાનો મોટો ભાગ સિદ્ધિઓ ખોળે છે. અને તેના માટે બનતા પ્રયત્નો આદરે છે. ઐહિદ સુખના અભિલાષી ભાવાભિનંદો જીવોને પણ સ્વાર્થસાથે પરમાર્થ સધાય તેવા હેતુથી ભયાપહારક, રોગોપનાશક, સંપદા-વિજયાદી પ્રાપક અને સર્વ મનોકામનાદાયક એવો સ્તુતિસ્તોત્રોની મંત્ર તંત્ર યંત્ર જોડીને યોજનાઓ જૈન પુર્વાચાર્યોએ કરેલી એ જૈન ધર્મના પાયાના સિદ્ધાન્તોને જ છેદ આપનારી કૃતિઓ હતી એમ કહી શકાય.

આ બાબતમાં આપણે પ્રથમ બૃહદ્શાંતિસ્તોત્ર અભ્યાસીએ. આ સ્તોત્રની પંક્તિઓમાં તિર્થંકરોને પ્રસન્ન થવા આહવાન કરવામાં આવેલ છે. તૃષ્ટિ, પુષ્ટી, સમૃદ્ધિ, વૃધ્ધિ, માંગલિક ઉત્સવો નિરંતર થાઓ, ઉદયમાં આવેલા પાપો શાંત થાઓ, બંધાયેલા પાપકર્મો નાશ પામે અને શત્રુઓ પરાજય મુખ થાઓ એવું ઈચ્છવામાં આવેલ છે. તેમજ શાંતિનાથ પ્રભુનું નામમાત્ર ગ્રહણ કરવાથીજ ઉપદ્રવો, દુષ્ટ ગ્રહોનું નડવાપણું નાશ પામે છે અને હિતકારી સંપત્તિ પ્રાપ્ત થાય છે, એવું પ્રલોભન આપવામાં આવેલ છે. એવીજ રીતે આપણે ઉવસગ્ગહર સ્તોત્રની પંક્તિઓ અભ્યાસીએ તો જણાશે કે આ સ્તોત્રમાં શ્રી પાર્શ્વનાથ તિર્થંકરની સ્તુતિ કરીને તેમને વંદન કરવામાં આવેલ છે. સાથે જે આ સ્તોત્રનું સ્મરણ પઠન કરે તેના દુષ્ટ ગ્રહો, રોગોજ્વર વિગેરે જેવો સર્વ ઉપદ્રવો નષ્ટ થાય છે અને તે સમૃધ્ધિવાળો થાય છે, તેઓ દુઃખ અને દારિદ્રયમાથી મુક્ત થાય છે. તેમને કોઈ પણ પ્રકારના વિઘ્નો નડતા નથી એવું ફલકથન કરવામાં આવેલ છે. આ સ્તોત્રના સમર્થનમાં પિયંકર નૃપની કથા સંભળાવામાં આવે છે.

નમિઊણ સ્તોત્રમાંપણ પાર્શ્વનાથની સ્તુતિ છે.

ભક્તામર સ્તોત્રમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવની સ્તુતિ કરવામાં આવેલ છે. આ સ્તોત્રના રચનાકાર શ્રી માનતુંગસુરીજીની કથા પ્રસિદ્ધ છે. જેમાં રાજાએ બાંધેલી બેડીઓનાં બંધનો આ સ્તોત્રના જાપ કરીને તોડવામાં આવ્યા અને તેઓ બંધ કક્ષમાંથી બહાર આવ્યા એવું કહેવામાં આવેલ છે. આ કથા બાબત એક મુદ્દો લક્ષમાં લેવા જેવો છે. માનતુંગસુરિજી કોઈ અપરાધી નહી હતા. સ્તોત્રના પ્રભાવોની પરીક્ષા લેવા રાજાએ માનતુંગ સુરીજીને બંધિત કરીને તેમાંથી મુક્ત થવા આવાહન આપેલ. કોઈ અપરાધી એવી રીતે મુક્ત થઈ શકે કે નહીં એ પ્રશ્ન અત્રે વિચારવા જેવો છે.

અજિતશાંતિ, કલ્યાણમંદિર, ઋષિમંડળ આ સ્તોત્રો પણ જૈનો તરફથી મહાપ્રભાવિક માનવામાં આવેલા છે.

લોભ અને શાંતિ સમાધાન આ માનવી સ્વભાવની પરસ્પરવિરોધી પ્રકૃતિઓ છે. લોભ પ્રકૃતિનું નિર્મુલન કરવા અપરિગ્રહ જેવા અણુવ્રતના આચરણ માટે તિર્થંકરોએ પ્રબોધન કર્યું છે. જ્યાં લોભ હોય ત્યાં શાંતિ સમાધાન ન હોય. અને જ્યા શાંતિ સમાધના હોય ત્યાં લોભ

ન હોય. આ બન્ને પરસ્પર વિરોધી તત્વો એક સાથે સંતુષ્ટ ન થઈ શકે. પરંતુ બૃહતશાંતિ સ્તોત્રમાં આવી વિસંગત પ્રકૃતિઓને સંતુષ્ટ કરવા માટે થયેલી યાચના સ્પષ્ટ છે. આ જૈન ધર્મના મુળભુત સિદ્ધાંતનો વિર્યાસ છે.

અત્રે નોંધવું જરૂરી છે કે જૈનો માટે નવકારમંત્રે આ મુળ નમસ્કાર મહામંત્ર છે. એ મંત્રની પંક્તિઓમાં કોઈ સ્વાર્થી યાચના કરવામાં આવેલ નથી.

મનુષ્યમાં રહેલી મુળભુત ભીતિના પ્રતિભાવરૂપે મનુષ્ય માટે માનસિક દૃષ્ટિએ ભગવાન આ નૈસર્ગિક જરૂરિયાત ઊભી થઈ હોય અને મનુષ્યે પોતેજ ભગવાનની નિર્મિતી કરી અને સમય જતા એ ભગવાનનો ગુલામ બની ગયો.

થોર તત્વજ્ઞ કોમ્પ્ટેના મતો આધુનિક વિજ્ઞાનથી એ સિદ્ધ થયું છે કે દુનિયામાં ભગવાન જેવી કોઈ હસ્તી નથી અને દુનિયાના ઉત્પત્તિ માટે કોઈ ભગવાન કારણ હોઈ ન શકે. આધુનિક વિજ્ઞાને ભગવાનને સીમાપાર કરી રાખ્યા છે.


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ


સૃષ્ટિનો કર્તા આ ભગવાન હોઈ ન શકે એવી જૈનોની પણ સૈધ્ધાન્તિક માન્યતા છે.

પ્રથમ તિર્થંકર શ્રી ઋષભદેવ સ્પષ્ટ કર્યુ હતું કે આ સૃષ્ટિને સમજવા ભગવાનને સ્વીકારવું જરૂરી નથી. સૃષ્ટિથી બહાર અને મંદિરોની અંદર ભગવાનને શોધવું વ્યર્થ છે.

મનુષ્ય પોતાના સુખદુઃખો માટે બીજા કોઈને જવાબદાર ધરી શકે નહીં. તેમજ તે માટે કોઈ પાસે યાચના પણ કરી શકે નહીં. તિર્થંકરોએ સંસારનો ત્યાગ કરીને વ્રતો તપપ્સાયાઓ કરીને કષાયાદિ ઉપશાંત ર્ક્યા અને પોતાના આત્માઓને કર્માદિ બંધનોથી મુક્ત કરીને મોક્ષસિધ્ધિ મેળવી છે. એટલે જ જૈનોમાટે તિર્થંકરો આદર્શ પુરૂષો ઠર્યા.

તિર્થંકરો સર્વેમાટે સર્વજ્ઞ, સર્વવ્યાપી એકસરખા જ છે. તેઓ ભેદભાવ અને પક્ષપાત કરીજ ન શકે. તિર્થંકરો કોઈનો સ્તુતિથી પ્રસન્ન થાય અને તેના ઉપર કૃપા કરે એવી કોઈ શક્તિ તેમની પાસે હોય એવી કલ્પના કરવી જૈનો માટે વિવેકબુધ્ધિથી વિપરીત ગણાવી શકાય. સ્તુતિસ્તોત્રોથી એક એવો ગર્ભિતાર્થ અભિપ્રેત થાય છે કે તિર્થંકરોને સ્તુતિ પ્રિય છે. આવું માનીને પ્રત્યક્ષમાં આપણે તિર્થંકરોનો અનાદર કરીએ છીએ. સ્તુતિ સ્તોત્રોનું પઠન કરનારનું તેમજ જપ જાપ કરનારનું ભાગ્ય પ્રતિકુળ હશે તો ગમે તેટલા જપજાપ કરવા છતાં પણ જાપ કરનારને ફળ નથી મળતું. શું આવી સ્થિતિમાટે આપણે તિર્થંકરોને જવાબદાર ધરીએ છીએ? નહીં. આપણે કર્મોને દોષ આપી છીએ. બીજી બાજુ કોઈ મંત્ર તંત્ર સ્તુતિસ્તોત્રોનું પઠન જપજાપ વિગેરે ર્ક્યા વગરજ સુખ સમૃધ્ધિ પ્રાપ્ત કરે તો પ્રશ્ન છે ક્યા કારણોથી આવું શક્ય બને છે? સહેજે જવાબ કર્મોના ફલો

અનુસંધાન ૧૮ માં પાને


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

# સસ્નેહ આદરાંજલિ



## શ્રી વિનોદભાઈ રાયચંદ કાનજી ધુલ્લા

સુથરી - મુલુંડ

અરિહંત શરણ : તા. ૧૧.૦૫.૨૦૧૪

**સેક્રેટરી : ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ**

જ્ઞાતિ ને જૈન સમાજની લીધી મોટી જવાબદારી
તોય વસતિપત્રક સમિતિના કામ પર આપ્યું વિશેષ ધ્યાન
હોય ગૌરવવંતા ભુતકાળ - વર્તમાન - ભવિષ્ય
એજ તમારા મહત્વાકાંક્ષી અરમાન
અરિહંત શરણે ચિરશાંતિ પામો
તમારી સ્મૃતિ કરાવતી રહેશે અમને કર્તવ્યભાન

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ વસતિ પત્રક સમિતિ**

**ટ્રસ્ટીઓ • પદાધિકારીઓ • સહયોગી સભ્યો • કાર્યકરો**

## ક.દ.ઓ. મહિલાઓ નાણાકીય બાબતોમાં હોંશિયાર બનો! ભાગ - ૧

*TILAKCHAND K. LODAYA (Chennai) Mob.: +91 99406 36646 Email :ourbrotherhood@yahoo.co.in*

### મહિલાઓ નાણાકીય બાબતોની ઉપેક્ષા કરે છે.

વનિતા



વિશ્વ

એક જાણીને દુ:ખ થાય એવો કિસ્સો જાણવા મળ્યો. એક ક.દ.ઓ. પતિએ સારી કારકિર્દી ધરાવતી અને સારું કમાતી પત્નીનો ઈમોશનલ બ્લેકમેઈલિંગ તથા બદઈરાદા ભરેલી ધાકધમકીઓથી તેની આવક પોતે ઉછીના લીધેલ પૈસા માટે જામીન તરીકે ગણાવવા મજબુર કરી. બીજા મહિનાથી તેને પગાર પેટે રૂા. ૨૮૦૦૦/- ને બદલે રૂા. ૨૦૦૦ મળવાના શરૂ થયા, જેમાંથી તેણે ઘરનો ખર્ચ ચલાવવાનો હતો!

ઘણી વખત પત્નીઓને તેઓ નાણાકીય આટીઘુંટી અને નાણાકીય વચનના પરિણામોની આગોતરી ગણતરી ન કરી શકવા અને નાણાકીય બાબતો તેમના પતિઓ દ્વારા નિશ્ચિતથતી હોવાથી. બદલ મુશ્કેલમાં મુકાવવું પડે છે.

એક ૪૫ વર્ષના સજ્જનને અચાનક હાર્ટ એટેક આવ્યો અને તેમનો દેહાંત થયો. તેઓ ધીરધારનો ધંધો કરતા હતા અને તેમણે જુદી જુદી પાર્ટીઓને મળીને આશરે પાંચ કરોડ રોકડે વ્યાજે આપેલા. તેમની પત્ની તથા સંતાનોને તેમના આ ધંધાની તથા કોને ઉછીના પૈસા અપાયા છે તેની જરા જેટલી ખબર નહોતી. તેથી તેમના કુટુંબીઓ ભાગયેજ કોઈ નાણાં પાછા મેળવી શકયા અને તેમણે ભારે નુકશાન વેઠવું પડયું.

આપણા સમાજના એક સાધન સંપન્ન વ્યક્તિનું અણધાર્યું મૃત્યુ થયું. તેમની પત્નીને તથા તેમના ધંધામાં ટેકો આપતા સંતાનોને પણ એમના વિશાળ ધંધાની બહુ ઓછી વસ્તુઓ ખબર હતી. એ તો સારું થયું કે એક હિતેચ્છુ જેમને ઘણી ખબર હતી તે મદદે આવ્યા અને તે કુટુંબ ભારે કર્જમાંથી બહાર આવી શક્યું અને ધંધાને સ્થિર કરી શક્યું.

એક ધનવાનની પત્નીને તેમના પતિના મૃત્યુબાદ મોટો દલ્લો મળ્યો. તેને પોતાના પતિના ધંધા અંગે જરા પણ માહિતી નહોતી. શાક ભાજી અને અનાજના ભાવ જેવી ઘરને લગતી બાબતો સિવાય તેમને નાણા વ્યવહાર અંગે કાંઈ ગતાગમ નહોતી. તેમના કેટલાક સાગાએએ તેમને છેતર્યા અને સાવ સામાન્ય સ્થિતીમાં આણી દીધા.

આપણે બધા જાણીએ છીએ કે સમાજમાં આવા ઘણા બનાવો બનતા હરે છે. આવા બધા જ રસ્તઓમાં એક સમાન વાત એ છે કે ધંધો વગેરે માત્ર કુટુંબના પુરુષો સંભાળે અને મહિલાઓ આ બાબત સાવ અજાણ હોય. ઘણા કિસ્સાઓમાં તેમને અને તેના નાણા વ્યવહાર બાબત કાંઈ જાણવા નથી અપાતું. ઘણી વખત એવું હોય છે કે મહિલાઓ ઘર કામ, તથા બાળકોને સંભાળવામાં એટલી બધી વ્યસ્ત હોય છે કે તેમને ધંધા કીય - નાણાકીય બાબતો જાણવા - સમજવા માટે સમય જ નથી હાતો અને એટલે તેઓ એ બાબત સજજ હોતી નથી.

આધુનિક મહિલાઓ એકી સાથે ઘણી ભૂમિકા ભજવતી થઈ છે. તેણે પ્રેમાળ પત્ની, પ્રેરણાદાયી માતા, નિસ્વાર્થ સંવક અને ઉધમી કર્મચારી - અધિકારી એવી અનેક ભુમિકા એકી સાથે

વનિતા વિશ્વ ૧૦માં પાને નીચે

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

પરસપર સહમતીથી છુટા છેડા
પ્રિયા સોમચંદ વશનજી નાગડા
(રાપરગઢવારી - ડોંબિવલી
વિશાલ સોમચંદ માણેકજી લોડાયા
(વાંકુ - ડોંબિવલી)

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### કેલેન્ડર વસ્તી પત્રક તથા જ્ઞાતિના મુખપત્રો

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન તરફથી ફેબ્રુઆરીમાં કલેન્ડર પ્રાપ્ત થયું. પ્રીન્ટીંગની ગુણવત્તા, પ્રેઝન્ટેશન તથા સ્પાયરલ બાઈડીંગના કારણે નિઃ સંદેહ સુંદર લાગ્યું. પણ સોનામાં સુગંધ જેવી માહિતી તો આપણી ક.દ.ઓ. જૈન જ્ઞાતિની કેટલીક આગવી પરંપરાઓની વિધિની જાણકારી લાગી. જે અમારા જેવા દેશાવરમાં વસતા અને ખાસ તેમને માટે બહુજ ઉપયોગી થાય તેમ છે. જો કે આસ્તે આસ્તે હવે રીતે રિવાજો ઓછા છતાં જાય છે પણ જે કોઈને પ્રસંગો વિધિ વિધાન સાથે બને તેટલા શાસ્ત્રોક્ત વિધિથી થાય તે માન છે. તેમના માટે આ માહિતી ઉપયોગીપણા પર નિર્ધારિત થયા છે.

પણ એક કલેન્ડરની ઉપયોગિતા માત્ર એક વર્ષ પુરતી જ રહે છે. હાલના ટેક્નોલોજીના જમનામાં તો કેલેન્ડર મોબાઈલ (સ્માર્ટ ફોન), ટેબ્લેટ કે લેપટોપના કારણે બધાના હાથમાં જ હોય છે.

તેથી ભવિષ્યમાં આ કેલેન્ડરને માત્ર કેલેન્ડર નહીં પણ જ્ઞાતિ સંપર્ક અને માહિતીનું માધ્યમ બનાવી એક પુસ્તિકારૂપે આપવામાં આવે તો તેની ઉપયોગિતા ઘણી વધી જાય. જેમાં આ વર્ષ જેમ ધાર્મિક વિધિઓ આપેલી છે તેમ દર વર્ષ અલગ અલગ વિષય જેમકે જ્ઞાતિની અન્ય સંસ્થાઓ એક જેમકે પાંજરાપોળ, પેઢીઓ, ભોજનશાળાઓ, ધર્મશાળા વગેરે કે કચ્છના જોવા લાયક સ્થળો વગેરે ઉદાહરણ રૂપે લઈ શકાય. તે ઉપરાંત તેની સાથે જે વર્ષ દરમ્યાન થયેલા સમાજીક બનાવો જેમકે જન્મ, સગપણ, લગ્ન, છુડાછેડા, મરણ, સ્થળાંતર (સરનામામાં ફેરફાર), કે મોબાઈલ નંબરની વિગતો એકજ સ્થળે મળી જાય તો આપણા ૮ મા વસ્તી પત્રકના માટે એન્યુઅલ એડન્ડા (વાર્ષિક સુધારા વધારા) જેવું કામ કરે.

આપણું ૮ મું વસતી પત્રક મારી જાણ પ્રમાણે ૨૦૧૩ સુધીની છેલ્લામાં છેલ્લી માહિતી

---

### વનિતા વિશ્વ ૯માં પાનાથી ચાલુ

ભજવવાની હોય છે. મોટા ભાગની મહિલાઓ તેમના જીવનની સૌથી મહત્વની બાબતની જ ઉપેક્ષા કરતી જોવા મળે છે - વ્યક્તિગત, નાણા વ્યવસ્થા.

આજે મહિલાઓએ દરેક ક્ષેત્રમાં પ્રગતિકરી છે તે છતાં નાણાં વ્યવસ્થાની વાત આવે તો તેઓ બીજા પર છોડી દેવાનું પસંદ કરે છે. તેઓબચત અને લાંબા ગાળાના નાણાકીય આયોજન બાબતના નિર્ણયો લેવાનું તેમના પુરુષ સંબંધીઓ પિતા -ભાઈ - પતિ કે પુત્ર પર છાડે છે.

કારકીર્દીના ક્ષેત્રે આગળ વધેલી મહિલાઓ પણ નાણાકીય બાબતમાં પાછળ પડતી જણાય છે કેમકે જ્યાં સુધી કુંવારી હોય ત્યાં સુધી બધા મોરચા સંભાળતી મહિલાઓ પણ લગ્ન પછી આ બાબતની ઉપેક્ષા કરવા લાગે છે.

નાણાકીય બાબતોની આ ઉપેક્ષા તેમની નાણાકીય સ્થિરતા - જે મહિલાઓ માટે ખુબ મહત્વની હોય છે તેને માટે જ જોખમ ઊભું કરે છે.

મહિલાઓની નાણાકીય જરૂરત અલગ પ્રકારની હોય છે. એક તો તેઓ લાંબું જીવે છે અને બીજું બાળઉછેર જેવી કૌટુંબિક જવાબદારીઓ હોવાથી કારકિર્દી પર પુરું ધ્યાન આપી શક્તી નથી, ક્યારેક એ કારણોસર તેણે થોડો વખત કારકિર્દી બાજુએ મુકવી પડે છે. એ જોતાં તેઓ પોતાની નાણા વ્યવસ્થા પોતે ગોઠવે અને પોતાના નિર્ણયો પોતે લે એ મહત્વનું છે.

આગળ કહ્યા તેવા કિસ્સામાં મહેનતથી કમાણી કરનાર વ્યક્તિને નાણાંકીય નુકસાન વેઠવું પડે છે, ત્યાં સુધી જઈ વાત અટકતી નથી. તેનાથી કૌટુંબિક સબંધો અને ભોગ બનેલ વ્યક્તિની તબિયત પર પણ માઠી અસર થાય છે. આપણા કે.ડીઓ. મહિલાઓ અને કુટુંબો મોટા ભાગે ભણેલા હોય છે, પણ આ બાબતમાં અપવાદ નથી.

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

Estd. 1954

60 Shree KDO Students Association

**Off.:** 17, Bheda Bhuvan, 22, Jethabhai Lane, Ghatkopar (East), Mumbai-400077.
**Like us on** f : www.facebook.com/shreekdostudentsassociation
**Email :** shreekdovs@gmail.com / kdovspresident@gmail.com

# નોટબુક વિતરણ યોજના

મંગળવાર, તા. ૨૭.૦૫.૨૦૧૪ થી શુક્રવાર, તા. ૨૦.૦૬.૨૦૧૪

વિદ્યાર્થીસંઘ દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિના દાતાશ્રીઓના સહયોગે રાહત દરે નોટબુક વિતરણ યોજનાનું આયોજન કરેલ છે. આ વિતરણનો લાભ લેવા સૌને હાર્દિક આમંત્રણ છે.



નોટબુકની કિંમત અને મર્યાદા નીચે મુજબ રહેશે...

૨૦૦ પાનાની જમ્બો લૉંગબુક
નિયોન કલર ઇફેક્ટ ડીઝાઇન
રૂા. ૨૦૦/- પ્રતિ ડઝન ના દરે

**₹ 200/-**
પ્રતિ ડઝન

વિદ્યાર્થી દીઠ ૧ ડઝનની મર્યાદા માં રહેશે. જ્ઞાતિનો કોઇપણ વિદ્યાર્થી આ યોજનાનો લાભ લઇ શકશે. આ યોજનામાં જ્ઞાતિનો કોઇ પણ વિદ્યાર્થી, વિદ્યાર્થીસંઘનો સભ્ય હોવો જરૂરી નથી. વિદ્યાર્થીએ સાથે ઓરીજીનલ માર્કસીટ સાથે તેની ઝેરોક્ષ નકલ સાથે લાવવી જરૂરી છે. જેમના રીઝલ્ટ ન આવેલ હોય તેઓ પોતાના આ વર્ષની હૉલ ટીકીટ અને તેની ઝેરોક્ષ સાથે લાવવી આવશ્યક છે.

આ યોજનામાં નોટબુક વિતરણ સમય મર્યાદા મંગળવાર, તા. ૨૭.૦૫.૨૦૧૪ થી શુક્રવાર, તા. ૨૦.૦૬.૨૦૧૪ સાંજે ૭.૦૦ થી ૯.૦૦ દરમ્યાન રહેશે.

**વહેલા તે પહેલા ધોરણે નોટબુકો પ્રાપ્ત કરી લેવા વિનંતી. આ માટે પ્રાપ્તી સ્થળના કેન્દ્રો**

| મસ્જીદ બંદર | કાંજુરમાર્ગ (પૂર્વ) | મુલુન્ડ (પ.) | ડોંબિવલી (પશ્ચિમ) |
|---|---|---|---|
| મિત્તલ તિલેશ ધરમશી<br>૨૬૨/૭૦, નરશી નાથા સ્ટ્રીટ, ૧ લે માળે,<br>બાલ મંદીર, ભાત બજાર, મસ્જીદ બંદર,<br>મુંબઇ-૪૦૦૦૦૯.<br>મો. 9773008712 | પુજા નિતીન લોડાયા<br>સી-૪૦૨, અનંતનાથ કોમ્પ્લેક્સ,<br>નહેરૂ નગર, કાંજુરમાર્ગ (પૂર્વ)<br>મુંબઇ.<br>મો. 8286361451 | નેહા ખુશાલ વિકમશી<br>એ-૬, ગીરીરાજ બ્રીજવાસી ભુવન,<br>વાલજી લધા રોડ, હીરા મોંઘી હોસ્પીટલ<br>સામે, મુલુન્ડ (પ.), મુંબઇ-૪૦૦૦૮૦<br>મો. 9594888731 | શુભમ મહેન્દ્ર લાપસીયા<br>એ-૩૦૮, જયેશ કૃપા સોસાયટી,<br>કર્વે રોડ, ભાગ શાળા મેદાનની પાસે,<br>ડોંબિવલી (પશ્ચિમ), જી. થાણે<br>મો. 8898451456 |
| **વડાલા (પશ્ચિમ)** | **ભાંડુપ (પશ્ચિમ)** | **થાણા (પશ્ચિમ)** | **ડોંબિવલી (પશ્ચિમ)** |
| નિલેશ ઉત્તમચંદ લોડાયા<br>૧૯/૯, આઝાદ નગર,<br>આર.એ.કીડવાઇ રોડ, વડાલા (પશ્ચિમ)<br>મુંબઇ.<br>મો. 7498488947 | અર્પણ ફાલ્ગુન ખોના<br>બી-૩૩, અનંત સિધ્ધી,<br>લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ,<br>ભાંડુપ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૭૮.<br>મો. 9930222189 | લબ્ધી નિરેન લોડાયા<br>૭, ૪થે માળે, સાઈ કૃપા એપાર્ટમેન્ટ,<br>યોગેશ ડેરી પાસે, જૈન ક્લીનીક પાછળ,<br>ચરઇ, થાણા (પશ્ચિમ).<br>મો. 9757296740 | રાકેશ અભય મૈશેરી<br>રૂમ નં. ૧૨, ૨ જે માળે એવરેસ્ટ સોસાયટી,<br>બીલ્ડીંગ નં. ૨, દીન દયાલ રોડ,<br>ડોંબિવલી (પશ્ચિમ), જી. થાણે<br>મો. 7208000294 |
| **ઘાટકોપર (પૂર્વ)** | **મુલુંડ (પૂર્વ)** | **ડોંબિવલી (પૂર્વ)** | **વાશી** |
| શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ (કાર્યાલય)<br>૧૭, ભેદા ભવન, ૨૨, જેઠાભાઇ લેન,<br>ઘાટકોપર (પૂર્વ),<br>મુંબઇ-૪૦૦ ૦૭૭.<br>મો. 9579787800 / 9167060043 | હર્ષ વિજય મૈશેરી<br>એ-૧૦૩, શાંતિ એપાર્ટમેન્ટ,<br>મહાકાલી નગર, વિદ્યાલય રોડ,<br>મુલુંડ (પૂર્વ), મુંબઇ.<br>મો. 8080103408 | તેજલ ખીરેશ ધ્રોળ<br>એ-૪, નવ ચેતન સોસાયટી,<br>તુકારામ નગર, આયરે રોડ,<br>ડોંબિવલી (પૂર્વ), જી. થાણે<br>મો. 9664157745 | પરેશ એલ. લાલકા<br>૨૪૩/૬, નિશાંત વિલા, સેક્ટર-૨૮,<br>વાશી,<br>નવી મુંબઇ - ૪૦૦ ૭૦૩<br>મો. 9833225053 |
| **કાંજુરમાર્ગ (પૂર્વ)** | **મુલુન્ડ (પ.)** | **ડોંબિવલી (પૂર્વ)** | **રાયપુર / વાપી** |
| ઉર્વેશ ભરત છેડા<br>સી-૫૦૪, અનંતનાથ કોમ્પ્લેક્સ,<br>નહેરૂ નગર, કાંજુરમાર્ગ (પૂર્વ)<br>મુંબઇ.<br>મો. 9022023778/9794320779 | ભૈરવી ભરત લોડાયા<br>રાજેશ્વરી, સી-૧૦૧,<br>પી.કે. એક્સ્ટેશન રોડ,<br>મુલુન્ડ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૮૦.<br>મો. - | અનુજ ગીરીશ લોડાયા<br>એ-૪, યશોધન જીવન સોસાયટી,<br>રાજાજી રોડ, કર્ણાવટ ક્લાસેસ પાસે,<br>ડોંબિવલી (પૂર્વ), જી. થાણે<br>મો. 9579787800 | ચંદ્રેશ છેડા<br>રાયપુર મો. ૯૪૨૫૨૧૩૫૪૦<br>પ્રજ્ઞા પરાગ મેપાણી<br>વાપી (ગુજરાત) મો. ૯૩૨૮૭૦૧૯૫૬ |

ધરાવે છે તેથી વસ્તી પત્રક તથા વાર્ષિક પુસ્તિકાની મદદથી કોઈ પણ જ્ઞાતિજન જરૂરી માહિતી લગભગ ઓન લાઈન ની જેમ જ પ્રાપ્ત કરી શકે. ઉપરાંત પુસ્તિકાને સાચવવી સરળ હોય છે, જે કેલેન્ડરની બાબતમાં સરળ નથી.

કદાચ વર્ષ દરમ્યાન થયેલા સામાજીક ફેરફારોને એક સાથે રજુ કરવામાં પુસ્તિકાના પાનાની સંખ્યાં વધી જાય તો આ કામ જ્ઞાતિના કોઈ પણ મુખપત્રોને સૌંપી શકાય કેમકે તેમની પાસે આ બધી માહિતી હાથવગી હોય છે. જે સબંધિત પ્રકાશનના વાર્ષિક કે વિશેષ પ્રકાશન રૂપે પ્રસિધ્ધ કરી શકાય. મોટા ભાગના પ્રકાશનો વર્ષમાં એકવાર વાર્ષિક કે વિશેષ આવૃત્તિ રજુ કરતા જ હોય છે જે દળદાર અને માહિતી કે મનોરંજન સભર હોય છે.

મહાજનની કેટલાક પ્રવૃત્તિઓ ભૌગોલિક સીમાની પર છે અને અગાઉ મેં લખેલ તેમ બહુજન હિતાય બહુજન સુખાય છે જેમકે વસતિપત્રક, મરણ વખતે નિશુલ્ક એસ.એમ.એસ.ની સગવડ અને કેલેન્ડર્સ, તો આપણે આ પ્રવૃત્તિઓને કેમ વધારે અર્થ સભર, વધારે ઉપયોગી બનાવી શકીએ તે જરૂરી છે.

વસતિપત્રક સમિતિની એક સુચના અનુસાર આપણું ૮મું વસ્તીપત્રક કદાચ પુસ્તકના રૂપમાં છેલ્લું વસતિપત્રક હશે. ત્યાર પછીનું વસતિપત્રક કદાચ વિજાણું (ઈલેક્ટ્રોનિક) માધ્યમમાં હશે. તો જો આપણી પાસે દરવર્ષની માહિતી એક જ જગ્યાએ ઉપલબ્ધ હોય તો પછીના વસતિપત્રક માટે માહિતી એકત્ર કરવામાં બહુ સમય ન લાગે. વસતિ પત્રક સમીતિએ પછી તો તેમણે છેલ્લામાં છેલ્લી માહિતીની ખરાઈ ચોક્કસ કરવા માટે સબંધિત પરિવાર કે મહાજનો જ સંપર્ક કરવાની જરૂરત રહે

***(કોઠારા - સુરત) -પ્રવિણચંદ્ર શામજી ધરમશી***

## પ્રકાશના અંકમાંની વૈવિધ્ધપુર્ણ સામગ્રીની છણાવટ

પ્રકાશ સમીક્ષાના તા. ૨૯ માર્ચ ૪ એપ્રિલ ૨૦૧૪ના અંકમાં ભાઈશ્રી નવીન પટેલ (વડોદરા) કચ્છી બોલી માટે બાબાણી બોલી શબ્દની છણાવટ કરીને હોવાથી બાબા એટલે કે પિતાશ્રી બોલી ઉપરથી આ શબ્દ બાબાણી બોલી પ્રચલિત થયો.

મારા અગાઉના ક.દ.ઓ. જ્ઞાતિમાં આંતર જ્ઞાતિય લગ્નો આ લેખમાં પણ મેં લગભગ આજ વાતનો ઉલ્લેખ કરેલ છે. અને હાલની પરિસ્થિતી જોતાં મારા વ્યક્તિગત અનુભવના આધારે ઘણા બધા પરિવારો જ્યાં પુત્ર વધુઓ અન્ય જ્ઞાતિની અને ખાસ કરીને કચ્છી બોલી ન બોલનારી હોય છે ત્યાં હવે બાબાણી બોલીની જગ્યા દાદાણી બોલી કદાચ વધારે યોગ્ય લાગે છે. આપણી ત્રીજી પેઢી ખાસ કરીને દેશાવરમાં જ્યાં કચ્છીઓનાં ગણ્યા ગાંઠયા ઘર છે ત્યાં ભાગ્યે જ કચ્છી બોલે છે. આ વિષમ વાસ્તવિકતા છે.

આજ અંકમાં જાણિતા લેખિકા શોભા ડેના પુસ્તકમાંથી એક લેખ છાપેલ જે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે હતો. શોભા ડે એ એક બંડખોર, બિંદાસ બોલકણી કેટલાક લોકો તેને બાજકણી પણ કહે છે, અને બહુમુખી પ્રતિભા ધરાવતી મહિલા છે. તેણે પોતાની બા એટલે કે માતા વિશે જે લખેલ તે વાંચીને મને પણ મારી બા યાદ આવી ગયા. મારા માતાજીના લગ્ન થયા (બાળ લગ્ન કદાચ વધારે યોગ્ય શબ્દ છે) ત્યારે લગભગ નિરક્ષર હતા. મારા પિતાજીએ જ તેમને ઘરમાં લખતાં વાંચતા શિખડાવેલ અને ત્યાર પછી તેમણે જાતે મહેનત કરીને વાંચવાનું સારું શીખી લીધેલું લખવાનો મહાવરો ખાસ ન હતો. ત્યાર પછી મારી પુત્રી જ્યારે નર્સરીમાં હતી ત્યારે તેની સાથે રહીને અંગ્રેજીના કેપીટલ અક્ષરો બધાજ ઓળખી શકતા હતા! પણ એક આદર્શ માતા કે પુત્રવધુ તરીકે તેમણે ખુબજ માન મેળવેલ. ભલે શૈક્ષણિક રીતે કદાચ વધારે ન ભણેલ પણ તેમના માટે કબીરજીના શબ્દો ઢાઈ અક્ષર પ્રેમ કે પઢે સો પંડિત હોઈ આ તદ્દન બંધ બેસતા હતા. તેમના સમયની મોટા ભાગની મહિલાઓ માટે પણ કદાચ આજ પરિસ્થિતી હતી. તે સમયની મહિલાઓમાં ભણતર ઓછું પણ ગણતર વધારે અને ખાસ કરીને સમજ, સમજદારી અને સમજણ વધારે હતા. આજે ભણેલી સન્નારીઓને જોઈને કદાચ માન સન્માન આપી શકાય પણ જેને વંદન કરવાની ઈચ્છા થાય તેવી માત્ર ઉમંર નહીં પણ વાણી અને વ્યવહાર મહિલાઓ લઘુમતીમાં નહીં પણ નામશેષ થવાની તૈયારીમાં છે.

જ્ઞાતિના એક અન્ય બહુરંગી મુખપત્રમાં પણ જ્ઞાતિની એક મહિલાએ પોતાના વિચારો રજુ કર્યા હતા અને લખેલ કે નારીને નારાયણી નથી

# 400 વર્ષ પ્રાચીન પ્રભાવક

# શ્રી મોડપર તીર્થ

## પ્રતિષ્ઠા – પુનઃપ્રતિષ્ઠા, અંજન શલાકા મહોત્સવે પધારવા ભાવભર્યું

# નિમંત્રણ

## પ્રાચિન જિનાલય, ગુરૂદેવકુલીકા, શાસનદેવી અને ગવાચ્છ જિર્ણોધ્ધાર નિભાવ લક્કી ડ્રો કુપન

## તક્તિ પર નામ કંડારવા ની છેલ્લી તક!!

કુપન લેનાર દાતાઓ નું નામ, 'પ્રતિષ્ઠા મહોત્સવ' દરમ્યાન લક્કી ડ્રો દ્વારા, ચર્તુવિધ સંઘની હાજરી માં કાઢી, ઘોષિત કરી, કાયમી ધોરણે તક્તી પર, અગાઉ જાહેર કર્યા મુજબ કંડારવા માં આવશે. આવા રૂડા સુકૃત માં આપે આપના નામો નોંધાવ્યા હોય, જાહેર કર્યા હોય છતાં, આ સુવર્ણ સંધિ થી વંચીત રહી જાવ તે અમને મંજુર નથી. માટે જો આપની રકમ ભરવાની બાકી હોય તો તા. ૨ જુન ૨૦૧૪, સોમવાર સુધી સંસ્થાના કાર્યાયલે જમા કરાવી, પાંકી પંહોચ મેળવી લેશોજી જેથી લક્કી ડ્રો માં આપનું નામ શામેલ કરી શકાય અને આપ પણ ભાગ્યશાળી નિવડી શકો...!!!

## પરમાત્મા નું ઋણ કરીએ ભરપાઈ

પ. પુ. અચલગચ્છાધિપતીશ્રી ની અસીમ કૃપા – આશીર્વાદ, પ.પુ. યુવાચાર્ય કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા ની પાવન નિશ્રામાં સંપન્ન થનારા ભવ્યાતિ ભવ્ય, શાનદાર અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ની ઊજવણી ના આડે હવે માત્ર ગણતરી ના દિવસો જ બાકી છે..., ત્યારે એમાં સહભાગી થયેલા આપ સૌ દાતા પરિવારો ની દિલેરી ની કદર કરીએ છીએ. ભાગ્યશાળીઓ આપના અણમોલ સહયોગ થી જ આ બધું શક્ય બન્યું છે. આપે આપેલ ચડાવા – વચનોની રાશી માં થી જ આ ઐતિહાસિક કાર્ય – અવસર સાકાર થઈ રહ્યો છે. માટે આપ સૌ નો ફરી ફરી થી વિષેશ આભાર...!!

આ ઊજવણી નું અંગ બનતાં પહેલાં કે અનુષ્ઠાનો ઈ. નો લાભ લેતાં પહેલાં..., એ નીમીતે આપણા દ્વારા ઘોષિત કરાયેલ વચનો કે લીધેલા ચઢાવા રૂપ પરમાત્મા ના ઘર નો ઋણ ચુકવી દઈએ એવી આપણા સૌ ની અદમ્ય ઈચ્છા હો જ ! જો અનુકુળતા હોય તો, આ અવસર છે ઋણ ફેડવાનો..!! તક હાથમાંથી વહી જાય અને વસવસો રહી જાય તે પહેલાં ચુકવણી કરી દઈએ જેથી 'લક્ષ્મી' 'મહાલક્ષ્મી' બને અને આપણો એક એક રૂપિયો સમયે વપરાય, લેખે લાગી જાય. તો હવે આળસ ખંખેરી ત્વરા કરીએ..., ખરું ને? જિનાજ્ઞા વીરુધ્ધ લખાયું હોય તો ..., ત્રિવીધે મિચ્છામી દુક્કડમ...!!

પ્રતિષ્ઠાએ પધારવા પુનઃ ભાવભર્યું નિમંત્રણ!!

ટ્રસ્ટીઓ

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય**

મુ. પો. મોડપર, જીલ્લો જામનગર, ગુજરાત ૩૬૧૨૮૦.

મુંબઈ કાર્યાલય : ૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ – ૪૦૦ ૦૭૭.

ફોન : ૦૨૨-૨૫૦૧૧૭૮૮

થવું કે પરૂષ સમોવડી પણ નથી થવું માત્ર નારી જ રહેવું છે. તેમણે લખેલ છે કે આજે ઉપર છલ્લું દેખાતું નારીનું સ્થાન કદાચ ભ્રમણા છે. તેમણે પતિ - પત્ની કે જમાઈ પુત્રવધુ આ સબંધોમાં પુરૂષોને અપાતા પ્રાધાન્યનો પણ ઉલ્લેખ કરેલ છે.

મેં મારા જીવનમાં વંદન કરવા યોગ્ય મહિલાઓની જીવન શૈલીનો અભ્યાસ કરેલ છે અને મારું તારણ છે કે તેમણે પુરૂષ સમોવડી થવાને ક્યારે પણ પ્રયાસ નહીં કરેલ. પણ જ્યારે જરૂર પડી ત્યારે પુરૂષ કરતાં પણ ઉપરના સ્તર પર જઈને પરિવાર પ્રતિષ્ઠા અને ખાસ તો કૌટુંબિક એકતાને સાચવવા અથાક પ્રયાસો કરેલ છે. સફળતા કે નિષ્ફળતા તો પરિણામ છે. તેઓ સૌ સ્વકેન્દ્રિય નહીં પણ પરિવાર કેન્દ્રિય છે, હતા સમાજીક સ્તરે કદાચ બીજા નંબર પર આવી વાત્સલ્ય સભર સન્નારી એ જ રહી છે. જ્યાં આવી સન્નારી નથી રહી તે પરિવાર સંયુક્તમાંથી વિભક્ત પરિવાર અને અંતે વિભાજીત પરિવાર બને છે.

સમસ્ત જ્ઞાતિને આવરી લેતી આકસ્મિક મૃત્યુ વિમા યોજનાના દાતાશ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયાને ખુબ ખુબ ધન્યવાદ.

*- પ્રવિણચંદ્ર શામજી ધરમશી*

**જયશ્રી સચ્ચાઈમાં**

## ખોના કુળગોત્રના શ્રી સચ્ચાઈમાનું સ્થાનક ખોના ફલિયા નલિયા કચ્છ

**શ્રી સચ્ચાઈમાંની સમુહપેડી અષાઢી બીજ રવિવાર તા. ૨૯.૬.૧૪ના સવારના સ્થાનકે ખોના ફળિયા નલિયા મધો દરવરસની જેમ રાખવામાં આવેલ છે.**

**પહેડી પ્રસાદનો લાભ લેવા વિનંતી**

**સંપર્ક લલીત કુંવરજી ખોના**
**(માતાજીના - ભુવાશ્રી)**
**ડોંબિવલી મો. ૯૯૨૦૪૦૩૯૫૦**

## પ્રાર્થનાસભા માટે મુલુન્ડ માં નજીવા ભાડેથી સગવડ

શ્રી કુલીનકાંત લુઠીયાએ પ્રાર્થના સભા માટે સુધારા કરવાની જરૂર નું આવાહન કર્યું અને મેં તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૨ના અંકમાં મારા વિચાર રજુ કર્યા. તેને મુલુન્ડના મોવડીઓએ આ વાતને સાચું સ્વરૂપ આપ્યું. સંપર્ક ભવાનજી ભાઈ : ૯૬૧૯૫૯૦૪૪૪

મુલુન્ડમાં કસ્તુરબા માર્ગ પરની દેવપુંજ બિલ્ડીગના ગ્રાઉન્ડ ફ્લોરમા આવેલ મેપાણી હોલ જે નાનું છતાં અદ્યતન સગવડ (એરકંડિશનર) થી યુક્ત હોલ હવે પ્રાર્થનાસભા માટે ૨ કલાક પુરતું રૂા. ૧૦૦૦/- ના ભાડા પેટે મળી શકે છે. જ્યાં પાથરણા ખુરશી તેમજ પ્રાર્થનાને અનુલક્ષીને સંગીતની કેસેટ પણ ઉપલબ્ધ છે. તો આ મધ્યમવર્ગ માટે અતિઓછા ખર્ચે પ્રાર્થના સભા સગવડ ખરેખર ઉપયોગી બની રહેશે. આ કે.ડી.ઓ. વેલફેર ટ્રસ્ટનું પ્રશંસનીય પગલું છે, તેમનો આભાર અને સમાજ ઉપયોગી કાર્ય કરતાં રહો તેવી શુભેચ્છા.

આવીજ સુવિધા અન્ય મોટા હોલમાં જ્ઞાતિજનો માટે કરાય એવી જ અમારી ઈચ્છા.

*- જયશ્રી વીરચંદ નાગડા,*

**સુધારો**

**વરાડીયા જૈન દેરાસર, સાધારણ અને માહજન ફંડ ટ્રસ્ટ**

ઉક્ત ટ્રસ્ટની ૨૬.૦૧.૧૪ની સામાન્ય સભામાં નિયુક્ત થયેલા ટ્રસ્ટીઓનાં નામોમાં શરણ ચુકથી હીરાચંદ ભવાનજી મોમાયા, હરીશ ધનજી ડાઘા અને મહેશ રામજી ડાઘાનાં નામો શેષ રહી ગયેલ તેમજ કારોબારી સમિતિમાં અમીત શાંતિલાલ મોમાયાના નામમાં મુદ્રણદોષ થયેલ તે પ્રમાણે સુધારીને વાંચવા વિનંતી.

K.D.O Jain (Male), 33/5.4"/ Slim B.Com, MNC Job (Investement Professional) - innocent Divorce (6 months) looking for suitable match. Divorced/Widowed/Annulled w/o child are invited. Caste no bar. No Dowry # Contact : 09699937370

# જન્મ શતાબ્દીએ વડીલોને માનવંદના

## ભાગ્યશાળી જ્ઞાતિજનો જેમની આ વર્ષે જન્મ શતાબ્દિ કે ૧૦૧મું જન્મવર્ષ છે.

સામાન્ય રીતે જન્મ શતાબ્દી તો માત્ર મહાનુભાવોની જ ઉજવાય એવી આપણી સમજ છે. કેટલાક પરિવારો વડીલોની જન્મશતાબ્દી ભલે ન ઉજવતા હોય પણ ચોક્કસાઈપૂર્વક પોતાના વડીલોને તેમના અરિહંતશરણ થવાના એકાદ બે દાયકા સુધી યાદ કરતા રહે છે.

આમ તો સમસ્ત એશિયા-આફ્રિકા ખંડમાં સદ્‌ગત વડીલોને અવારનવાર યાદ કરવાની પરંપરા છે. આ પરંપરાને સુદૃઢ કરતા 'પ્રકાશ-સમીક્ષા' પ્રસ્તુત કરે છે વર્ષ ૨૦૧૪માં જો હયાત હોત તો ૧૦૦મા (શતાબ્દી) વર્ષ પ્રવેશ કે ૧૦૦ વર્ષ (શતાબ્દી) પૂર્ણ કરીને ૧૦૧મા વર્ષમાં પ્રવેશી ચૂક્યા હોત તેવા વડીલોના નામોની યાદી તેમને જ્ઞાતિવતી માનવંદના કરાવવાની સાથે તેમના પરિવારજનો પણ તેમને યાદ કરે તે અપેક્ષા. આ યાદી આપણા મુળ ગામો ગુજરાતી ક્કાવારી પ્રમાણે ગોઠવી તૈયાર કરાઈ છે. આ જ્ઞાતિજનો ૨૨/૨૩ વર્ષના હતા ત્યારે જ્યાં વસતા હતા તે સ્થળ કૌંસમાં દર્શાવેલ છે. સવંત ૧૯૯૧ (ઈ.સ. ૧૯૩૬)માં પ્રકાશ સમિતિએ જ્ઞાતિનું બીજું વસતી પત્રક પ્રગટ કરેલું તેના આધારે આ યાદી સંકલિત કરવામાં આવ્યુ છે.

**- તંત્રી**

| વરાડીયા |
|---|
| ૧) જીવરાજ માડણ ભાણજી મોમાયા (મુંબઈ) |
| ૨) ધનજી માણેકજી શિવજી મોમાયા (મુંબઈ) |
| ૩) રાયસી નરસી ટોકરસી મોમાયા (કોચીન) |
| ૪) નારાણજી શામજી માણેકજી મોમાયા (મુંબઈ) |
| ૫) લક્ષ્મીબાઈ મૂલજી જેઠાભાઈ મોમાયા(વીકારાબાદ) |
| ૬) આશબાઈ જેઠાભાઈ મણસી મોમાયા (ઘાટકોપર) |
| ૭) હંસરાજ વેલજી શિવજી મોમાયા (ઘાટકોપર) |
| ૮) માણેકજી ટોકરસી પુંજાભાઈ મોમાયા (વરાડીઆ) |
| ૯) શામજી થોભણ રાઘવજી મોમાયા (ઘાટકોપર) |
| ૧૦) કુંવરજી ગોવિંદજી કુરસી મોમાયા (અંજાર) |
| ૧૧) મેઘજી દેવસી ખેતસી મોમાયા (મુંબઈ) |
| ૧૨) ભચીબાઈ દેવસી વીરજી ડાઘા (મુંબઈ) |
| ૧૩) કુંવરબાઈ હંસરાજ વીરજી ડાઘા (મુંબઈ) |
| ૧૪) લીલબાઈ કલ્યાણજી વીરજી ડાઘા (ઘાટકોપર) |
| ૧૫) લક્ષ્મીબાઈ પિતાંબર લધાભાઈ ડાઘા (વરાડીઆ) |
| ૧૬) મુલજી પરબત ડોસાભાઈ લોડાયા (વરાડીઆ) |
| ૧૮) લાલજી રતનસી વસાયા લોડાયા (મુંબઈ) |
| ૧૯) મેઘજી વીરજી મણસી લોડાયા (ઘાટકોપર) |
| ૨૦) કલ્યાણજી જેઠાભાઈ જેવત દંડ (મુંબઈ) |
| **વારાપધર** |
| ૧) કુંવરજી નરપાલ પરબત લોડાયા (મુલુંડ) |
| ૨) વેલબાઈ કેશવજી ખીમજી લોડાયા (ઘાટકોપર) |
| ૩) હીમાંબાઈ ચત્રભુજ ધનજી લોડાયા (મુંબઈ) |
| ૪) વાલબાઈ રાયચંદ ધનજી લોડાયા (મુંબઈ) |
| ૫) વેજબાઈ વસનજી ઉમરસી લોડાયા (ઘાટકોપર) |
| ૬) લખમસી શામજી ઠાકરસી લોડાયા (વારાપધર) |
| ૭) વેજબાઈ દેવજી કેશવજી લોડાયા (ચાલીસગામ) |
| ૮) કુંવરબાઈ મેઘજી ઘેલાભાઈ લોડાયા (વારાપધર) |
| ૯) સોનબાઈ નરસી કાનજી લોડાયા (વારાપધર) |
| ૧૦) રામજી માડણ વીસર લોડાયા (મુંબઈ) |
| ૧૧) રાયચંદ કુંવરજી ત્રિકમજી ભેદા (ચોપડા) |
| ૧૨) ડુંગરસી ખીમજી કાનજી ભેદા (મુંબઈ) |
| ૧૩) સોનબાઈ હંસરાજ દેવજી મોતા (મુંબઈ) |
| ૧૪) ગંગાબાઈ જીવરાજ ભારમલ મૈશેરી (મુંબઈ) |
| ૧૫) બાંયાબાઈ નરસી કેશવજી મૈશેરી (વારાપધર) |
| ૧૬) દામજી ગોવિંદજી પુંજાભાઈ મોમાયા (મુંબઈ) |
| ૧૭) સોનબાઈ ધનજી મૂલજી લાલકા (યલવીગી) |
| ૧૮) નરસી હંસરાજ ચાંપસી લાલકા (ગદગ) |
| ૧૯) સોનબાઈ ચાંપસી દામજી લાલકા (મુર્તિજાપુર) |
| ૨૦) આણંદજી જેઠાભાઈ કુરસી લાલકા (જલગામ) |
| ૨૧) પુરબાઈ લખમસી લધાભાઈ લાલકા (વારાપધર) |
| ૨૨) કેશવજી રતનસી હંસરાજ લાલકા (વારાપધર) |
| ૨૩) દેવજી રતનસી વીરમ મોમાયા (વારાપધર) |
| ૨૪) વેલજી ભાણજી ધારસી લાલકા (વારાપધર) |
| **વાંકુ** |
| ૧) મીઠાંબાઈ મૂલજી દેવજી સોની (કોચીન) |
| ૨) વસનજી ઉમરસી નાગસી સોની (મુંબઈ) |
| ૩) દેવજી નરપાલ નેણસી સોની (ચાલીસગામ) |
| ૪) માણેકજી આણંદજી રાયસી મોતા (મુંબઈ) |

| | |
|---|---|
| ૫) | દેવસી ખીમજી ભારમલ લોડાયા (મુલુંડ) |
| ૬) | કસ્તુરબાઈ નરસી ઉમરસી લોડાયા (ચાલીસગામ) |
| | **સાંધવ** |
| ૧) | ભવાનજી મેઘજી ખેતસી લોડાયા (સાંધવ) |
| ૨) | વેજબાઈ થોભણ દેવજી દંડ (મુંબઈ) |
| ૩) | જેતબાઈ વસનજી દામજી દંડ (મુંબઈ) |
| ૪) | મેઘજી કુંવરજી લધાભાઈ ખોના (સાંધવ) |
| ૫) | વેજબાઈ જીવરાજ મણસી ખોના (કોઠારા) |
| ૬) | ભવાનજી માણેકજી ગંગાજર ખોના (મુલુંડ) |
| ૭) | વસનજી પિતાંબર લઘાભાઈ નાગડા (નાંદરા) |
| | **સાંધાણ** |
| ૧) | કુંવરજી નરસી માડણ ધરમસી (સાંધાણ) |
| ૨) | રાયચંદ વેલજી પુંજાભાઈ ધરમસી (ઘાટકોપર) |
| ૩) | પ્રેમચંદ નરસી પુંજાભાઈ ધરમસી (કરાંચી) |
| ૪) | ઉમરસી કાનજી દેવણાંધ મૈશેરી (મુંબઈ) |
| ૫) | પદમસી લીલાધર દેવણાંધ મૈશેરી (મુંબઈ) |
| ૬) | ગોવિંદજી કુંવરજી ખીમજી નાગડા (મુંબઈ) |
| ૭) | લાલજી રામજી ખીમજી નાગડા (મુંબઈ) |
| ૮) | લાડણ દેવજી તેજપાલ દંડ (વરાડીઆ) |
| ૯) | મણિલાલ ખીમજી જેઠાભાઈ ધુલ્લા (મુંબઈ) |
| ૧૦) | પુરબાઈ ભવાનજી ખીમજી ધુલ્લા (સાંયરા) |
| | **સાંયરા** |
| ૧) | ધનબાઈ વેલજી નરસી લોડાયા (જલગામ) |
| ૨) | નેણબાઈ મેઘજી ભીમસી લોડાયા (સાંયરા) |
| ૩) | નેણસી ભીમસી સવરાજ લોડાયા (નાંદેડ) |
| ૪) | માણેકજી રામૈયા સવરાજ લોડાયા (હુબલી) |
| ૫) | કુંવરજી વીરમ દેવણાંધ લોડાયા (સાંયરા) |
| ૬) | લખમસી આણંદજી દેવણાંધ લોડાયા (સાંયરા) |
| ૭) | વેલજી નાગસી રામજી લોડાયા (મુંબઈ) |
| ૮) | પુરબાઈ વેલજી નરસી લોડાયા (મુંબઈ) |
| ૯) | કુંવરજી માડણ વેલજી લોડાયા (મુંબઈ) |
| ૧૦) | માણેકજી વેલજી દેવસી લોડાયા (હાવેરી) |
| ૧૧) | તેજપાલ ખીમજી માણેકજી લોડાયા (સેલુ) |
| ૧૨) | મેઘબાઈ ખીમજી દેવસી લોડાયા (હુબલી) |
| ૧૩) | માનબાઈ રાયચંદ પિતાંબર લોડાયા (મુંબઈ) |
| ૧૪) | હીરબાઈ કુંવરજી ભાણજી લોડાયા (મુંબઈ) |
| ૧૫) | પ્રેમાબાઈ વેલજી ભાણજી લોડાયા (ભાંડુપ) |
| ૧૬) | વસનજી દેવરાજ મૂલજી મોમાયા (સાંયરા) |
| ૧૭) | કેશવજી રાઘવજી ટોકરસી મોમાયા (સુથરી) |
| ૧૮) | ગોવિંદજી ખીઅરાજ વેલજી મોમાયા (રાયપુર) |
| ૧૯) | ધનબાઈ ટોકરસી વેલજી મોમાયા (સુથરી) |
| ૨૦) | રાણબાઈ વેલજી મેઘજી મોમાયા (સાંયરા) |
| ૨૧) | ભચીબાઈ લીલાધર મેઘજી મોમાયા (સેલુ) |
| ૨૨) | રતનબાઈ શિવજી મેઘજી મોમાયા (ઉજ્જૈન) |
| ૨૩) | કુંવરજી રાયસી નાગસી મોમાયા (ગદગ) |
| ૨૪) | ડુંગરસી પદમસી જેઠાભાઈ મોમાયા (ગદગ) |
| ૨૫) | પદમસી વેલજી નાગસી ધરમસી (કોચીન) |
| ૨૬) | ચત્રભુજ રામૈયા જેઠાભાઈ ધરમસી (મુંબઈ) |
| ૨૭) | ભચીબાઈ દેવજી ગોવિંદજી ધરમસી (ઇંદોર) |
| | **સિંધોડી નાની** |
| ૧) | કુંવરજી રાઘવજી ભીઅસી મૈશેરી (સિંધોડી ના) |
| ૨) | લખમસી લાલજી સોદે ધરમસી (સિંધોડી ના) |
| | **સિંધોડી મોટી** |
| ૧) | શામજી ખીઅસી ભાણજી મૈશેરી (સિંધોડીમોટી) |
| ૨) | દામજી શિવસી કરમસી મૈશેરી (મુંબઈ) |
| ૩) | લક્ષ્મીબાઈ નરસી દામજી મૈશેરી (સિહોર કેન્ટ) |
| ૪) | ભવાનજી કાનજી વીરધોર મોમાયા (મુંબઈ) |
| | **સુજાપુર** |
| ૧) | આશબાઈ જેતસી જીવરાજ છેડા (ઉજ્જૈન) |
| ૨) | મેઘજી જીવરાજ નેણસી સાંયા (અલપઈ) |
| ૩) | વેજબાઈ ખીમજી નેણસી સાંયા (ગદગ) |
| ૪) | રાયચંદ લખમસી ખેતસી સાંયા (ઘાટકોપર) |
| ૫) | માનબાઈ રાયચંદ લખમસી સાંયા (ઘાટકોપર) |
| ૬) | પ્રેમજી ખેતસી મેઘજી લોડાયા (અમદાવાદ) |
| ૭) | દામજી જેઠાભાઈ પાશ્વીર લોડાયા (મુંબઈ) |
| ૮) | કસ્તુરબાઈ ખેતસી શામજી ખોના (સુજાપુર) |
| | **સુથરી** |
| ૧) | મુરબાઈ માણેકજી ભાણજી ધરમસી (ગદગ) |
| ૨) | જેઠીબાઈ રામજી દેવસી ધરમસી (ધુલીઆ) |
| ૩) | કસ્તુરબાઈ પદમસી કુરપાલ ધરમસી (ચાંદુર) |
| ૪) | શામજી પદમસી વેલજી ધરમસી (બાગલકોટ) |
| ૫) | પ્રેમાબાઈ હંસરાજ માડણ ધરમસી (કોચીન) |
| ૬) | માનબાઈ વસનજી કેશવજી ધરમસી (અમલનેર) |
| ૭) | ત્રિકમજી કેશવજી હરભમ લોડાયા (અહમદનગર) |
| ૮) | ટોકરસી પદમસી હરભમ લોડાયા (મુંબઈ) |
| ૯) | હીરજી મુલજી ઠાકરસી લોડાયા (મુંબઈ) |

૧૦) હંસરાજ જેઠાભાઈ લધાભાઈ લોડાયા (મુંબઈ)

૧૧) લક્ષ્મીબાઈ મેઘજી વસનજી લોડાયા (અંધેરી)

૧૨) હીરબાઈ હંસરાજ વસાયા લોડાયા (ભાંડુપ)

૧૩) પદમસી પુંજાભાઈ નરપાલ લોડાયા (સુથરી)

૧૪) બાયાંબાઈ ગોવિંદજી શિવજી લોડાયા (મંજલ)

૧૫) શિવજી શામત દેવજી ખોના (અલપઈ)

૧૬) વેલજી કુંવરજી વસાયા ખોના (મુંબઈ)

૧૭) મીઠાંબાઈ માણેકજી દામજી ખોના (મુંબઈ)

૧૮) કુંવરબાઈ નરસી નથુભાઈ ખોના (સુથરી)

૧૯) ઉમરસી મણસી ખીઅરાજ ખોના (મુંબઈ)

૨૦) જેઠાભાઈ દેવજી લધાભાઈ મોતા (ચાલીસગામ)

૨૧) લક્ષ્મીચંદ દેવજી લધાભાઈ ધુલ્લા (મુંબઈ)

૨૨) રતિલાલ ઘેલાભાઈ લધાભાઈ દંડ (શાહાદા)

૨૩) કલ્યાણજી શામજી લધાભાઈ દંડ (મુંબઈ)

૨૪) ખેતબાઈ દેવસી પેથરાજ દંડ (મુંબઈ)

૨૫) દામજી નરસી પાસુભાઈ છેડા (અહમદનગર)

૨૬) નવલભાઈ માણેકજી વેલજી મોમાયા (મુંબઈ)

૨૭) જેઠાભાઈ નેણસી ખીઅસી સોની (સુથરી)

૨૮) ધનજી ચાંપસી નરસી હેફા (હૈદ્રાબાદ)

૨૯) શામજી કરમસી ખીઅસી લાપસીઆ (સુથરી)

૩૦) હીરજી લાલજી કેશવજી લાપસીઆ (જલગામ)

૩૧) જેતબાઈ દેવજી પુનસી વીકમસી (સુથરી)

**ગોએરસમા**

૧) વીરજી માવજી દેવજી ગોશર (ગોએરસમા)

૨) બાંયાંબાઈ મુરારજી કચરાભાઈ ડાઘા (ગોએરસમા)

૩) મીઠાંબાઈ ધનજી કચરાભાઈ ડાઘા (ગોએરસમા)

૪) લક્ષ્મીબાઈ લખમસી શામજી પોલડીઆ (મુંબઈ)

૫) લક્ષ્મીબાઈ ધનજી જેવત નાગડા (ગોએરસમા)

૬) કુંવરબાઈ લાલજી શામજી પોલડીઆ (ફેજપુર)

**બારોઈ**

૧) લક્ષ્મીબાઈ રૂપસી ગાંગજી ગોશર (બારોઈ)

૨) ચત્રભુજ રવજી મોણસી ગોશર (મુંબઈ)

૩) મૂલજી રામજી ગોવિંદજી ગોશર (બારોઈ)

૪) ભવાનજી ચનાભાઈ મૂલજી ગોશર (કિસના)

૫) રતનબાઈ નરસી કાનજી મોમાયા (બારોઈ)

૬) મેઘજી કાનજી ગોવિંદજી મોમાયા (બારોઈ)

૭) શિવજી વેરસી ખીમજી મોમાયા (નારાયણપેઠ રોડ)

૮) વસનજી કેશવજી ગોવિંદજી મોમાયા (નારાયણપેઠ રોડ)

**લુણી**

૧) વસનજી સોજપાલ લધાભાઈ ગોટકા (લુણી)

**ખાવડીનાની**

૧) નાગસી માણેકજી નરસી લોડાયા (ખાવડી ના)

૨) લખમસી નથુભાઈ હીરજી લોડાયા (રંગપુર)

૩) નેણબાઈ રૂપસી વેરસી લોડાયા (ચાલીસગામ)

૪) માંકબાઈ ધરમસી મૂલજી લોડાયા (પાલઘર)

૫) ચાંપબાઈ ટોકરસી પદમસી ધરમસી (ખાવડી ના)

**મોટી ખાવડી**

૧) નાથાલાલ રૂપસી માણેકજી લોડાયા (ખાવડી મો)

૨) મેઘજી પદમસી દામજી લોડાયા (ખાવડી મો)

૩) હંસરાજ શામજી માલસી લોડાયા (મુંબઈ)

૪) રામજી દેવરાજ પદમસી ખોના (ખાવડી મો)

૫) નરસી ખીમજી પદમસી ખોના (કરાચી)

૬) હેમરાજ રતનસી મેરઘ ખોના (ખાવડી મો)

૭) કેશવજી દેવરાજ નથુભાઈ નાગડા (મુંબઈ)

૮) શામજી કરમસી મેરઘ લોડાયા (મુંબઈ)

૯) રામજી માણેકજી પુંજાભાઈ નાગડા (મુંબઈ)

**દલતુંગી**

૧) માંકબાઈ ભાણજી કચરાભાઈ લાપસીઆ (દલતુંગી)

૨) વેજબાઈ દેવજી કચરાભાઈ લાપસીઆ (મુંબઈ)

૩) મેઘજી નાંચાભાઈ દેવસી ડાઘા (મુંબઈ)

૪) લક્ષ્મીબાઈ લાલજી પદમસી ડાઘા (દલતુંગી)

૫) કરમસી ઘેલાભાઈ દેવસી ડાઘા (મુંબઈ)

૬) લક્ષ્મીબાઈ કરમસી લધાભાઈ લોડાયા (દલતુંગી)

૭) લખમસી દેવજી લાલજી લોડાયા (દલતુંગી)

૮) કાનજી દેવજી મૂલજી શિઆડ (મુંબઈ)

૯) લક્ષ્મીબાઈ પેથરાજ મૂલજી શિઆડ (દલતુંગી)

૧૦) લક્ષ્મીબાઈ ખીમજી શામજી દંડ (દલતુંગી)

૧૧) વસનજી હીરજી ખીમજી દંડ (દલતુંગી)

**ભરૂડીયા**

૧) વેજબાઈ મૂલચંદ ઘેલાભાઈ દંડ (કોચીન)

૨) વેરસી નરસી ખીમજી દંડ (મુંબઈ)

૩) નેણસી નરસી ખીમજી દંડ (મુંબઈ)

૪) કુંવરજી શિવજી જેઠાભાઈ દંડ (મુંબઈ)

૫) ચાંપબાઈ માણેકજી ગોવિંદજી ધુલ્લા (મુંબઈ)

૬) વીરપાલ રૂપસી નેણસી ધુલ્લા (ભરૂડીઆ)

| | |
|---|---|
| ૭) | દામજી હંસરાજ રતનસી ધુલ્લા (મુંબઈ) |
| ૮) | લક્ષ્મીબાઈ ત્રિકમજી રૂપસી ધરમસી (મુંબઈ) |
| ૯) | ધનબાઈ જેતસી કરમસી ધરમસી (પાલીતાણા) |
| ૧૦) | વેજબાઈ કલ્યાણજી નરસી ધરમસી (મુંબઈ) |
| ૧૧) | મણિબાઈ જીવરાજ ગોવિંદજી ધરમસી (કોચીન) |
| | **મોડપર** |
| ૧) | જેતબાઈ હીરજી સુંદરજી ખોના (કોચીન) |
| | **રંગપુર** |
| ૧) | નથુભાઈ ગાંગજી નાંયાભાઈ નાગડા (મુંબઈ) |
| ૨) | જીવાંબાઈ કરમસી જીવરાજ નાગડા (રંગપુર) |
| ૩) | મૂલજી જીવરાજ દેવસી નાગડા (મુંબઈ) |
| ૪) | લક્ષ્મીબાઈ ધનજી નરસી નાગડા (રંગપુર) |
| ૫) | ગંગાબાઈ શામજી નરસી નાગડા (રંગપુર) |
| ૬) | જેતબાઈ પદમસી મેઘજી નાગડા (મુંબઈ) |
| ૭) | લક્ષ્મીબાઈ કરમસી મેઘજી નાગડા (મુંબઈ) |
| ૮) | પ્રેમાબાઈ નેણસી મેઘજી ધરમસી (ખાવડી મો) |
| ૯) | મુરબાઈ ગાંગજી ગોવિંદજી ધરમસી (રંગપુર) |
| ૧૦) | વસનજી કાનજી રૂપસી ખોના (મુંબઈ) |
| ૧૧) | ચાંપસી જીવરાજ શામજી ખોના (મુંબઈ) |
| ૧૨) | શિવજી કરમસી દેવસી ખોના (રંગપુર) |
| ૧૩) | વસનજી પદમસી વેરસી વોરા (મુંબઈ) |
| ૧૪) | પ્રેમાબાઈ કુંવરજી ઠાકરસી લોડાયા (હુબલી) |
| | **ગોરખડી** |
| ૧) | લખમસી કચરાભાઈ હરસી ખોના (મુંબઈ) |
| ૨) | પુનસી ધરમસી હરસી ખોના (ગોરખડી) |
| ૩) | પાસુભાઈ નથુભાઈ હરપાલ ધરમસી (ગોરખડી) |
| ૪) | ભચીબાઈ પદમસી દેવજી ધરમસી (ગોરખડી) |
| ૫) | ભવાનજી ખોરાજ દેવસી લોડાયા (મુંબઈ) |
| ૬) | રતનશી કરમસી ખીમજી લાપસીઆ (ગોરખડી) |
| | **ધ્રાફા** |
| ૧) | લીલાવતી ખીમજી ઘેલાભાઈ લાલકા (કોચીન) |
| ૨) | મેઘજી કલ્યાણજી કાનજી દંડ (ધ્રાફા) |

## ક્રિયાકર્મકાંડોમા અટવાઈ ગયેલા જૈન ધર્મના મુળભુત સિદ્ધાંતો

*૭મા પાનાથી ચાલુ*

અને યોગ આજ મલે છે. એટલેજ મનુષ્ય જીવન આ કર્મસત્તાથી બંધાયેલું છે એ સ્પષ્ટ થાય છે.

જૈનાચાર્યોનું કહેવું છે કે સ્તાત્રો મંત્રોના પઠન અને જપજાપ કરવા પાછળનો ઉદ્દેશ્ય સંચિત પુર્વકર્મોની નિર્જરા કરવાનો છે. આ દિશાભુલ કરનારી માન્યતા છે. મનુષ્યના જીવન સાથે તેના આત્માને ચોંટીને આવેલા સંચિત પુર્વ કર્મોને નષ્ટ કરવાની ક્રિયાને નિર્જરા કહેવાય છે. નિર્જરા માટે નિશ્ચિત કરવામાં આવેલી ક્રિયાઓની યાદી તત્વાર્થસુત્ર જેવા ગ્રંથોમાં સ્પષ્ટ છે. આત્મ સંયમી, સીધુંસાધું આડંબર રહિત મિતવ્યયી જીવન પદ્ધતિ અપનાવીને વિનયી, વિવેકી, સ્વાધ્યાયી ધ્યાની, સેવાભાવી, નિર્લોભી, નિસ્વાર્થી અને ત્યાગમયી, ઉત્સર્ગમાર્ગી જીવન જીવવું અને કરેલા પાપોની કબુલાત કરવી અને વ્રતોનું કઠોરતાથી પાલન કરી તપ તપસ્યાઓની આરાધના કરવી, આ બધી સુચવાયેલી ઉપરોક્ત ઉપાયો સાથે પાંચ મહાઅણુવતો અને બીજા સાત વ્રતોનું કઠોરતાથી પાલન કરવાથી નિર્જરા શક્ય થાય છે. જૈન ધર્મની દિક્ષા લીધેલા સાધુ સાધ્વીઓ મંત્રવિદ્યા, જપ જાપના ઉપયોગથી દૂર રહે છે. એટલેજ મંત્રવિદ્યા પ્રબોધનારા અને પ્રચાર કરનારાઓ યતિશ્રીમહારાજોની જુદી સંસ્થા અસ્તિત્વમાં આવેલી છે. આજે સ્થિતી બદલાયેલી નજર આવે છે. સાધુ સાધ્વીઓ પણ સ્તોત્રોના જપ જાપ સાથે પઠનની ભલામણ કરતા તેમજ એવા અનુષ્ઠાનોમાં ભાગ લેતા દેખાઈ આવે છે.

સ્તુતિસ્તોત્રો મંત્ર તંત્ર જપજાપ આ મુળતઃ વ્યક્તિગત પ્રશ્નોના નિરાકરણ કરવા માટે રચવામાં આવેલા ઉપાયો છે. મંત્ર વિદ્યાનો સબંધ ધર્મ અને સમાજસાથે ક્યારે પણ જોડી ન શકાય. કર્મકાંડોઉપરની સમાજની શ્રદ્ધામાં જો વૃદ્ધિ થાય તો ધર્મ ઉપરની સાચી નિષ્ઠા ઓછી થતી જાય. આજે ધર્મની સાચી આરાધના નિષ્ઠાનો અભાવ જણાઈ આવે છે.

સમાજને આજે સાચી જરૂરીયાત છે તે પ્રભાવી એવા ધર્મગુરૂની (ફેઈથ લીડરની) જે સમાજને આડંબર વિના ધર્મની આરાધના કરવા પ્રેરિત કરી શકે, સમાજની દરેક વ્યક્તિને સમાધાની, વિનયી, વિવેકી આત્મસંયમી મિતવ્યયી, સ્વાધ્યાયી, ધ્યાનયોગી, ત્યાગી અને પ્રામાણિક સેવાભાવી બનાવે તો જ સમાજની દરેક વ્યક્તિ નિષ્ઠાવાન ધર્મપ્રેમી બની શકશે. આ માટે સંઘની આજની ધર્મસંચાલનની વ્યવસ્થામાં ઘરમુળથી ફેરફારો પ્રાયોજાય એ ઈચ્છનીય છે.

## કચ્છી કવિતા – પ્રકાશ

સંકલન : નવિન પટેલ

૪

**'કચ્છી કવિતા – પ્રકાશ'માં** આજે આપણે કચ્છી કવિઓની કલમમાંથી નીકળેલ થોડીક વ્યંગ રચનાઓ જોઇએ. આમ તો મોટા ભાગના કવિઓ હાસ્ય તથા વ્યંગ રચનાઓ કરતા જ હોય છે પરંતુ આજે આપણે હાલમાં પુરી થયેલ ચૂંટણીના માહોલમાં નેતાઓને અનુલક્ષીને કરવામાં આવેલ રચનાઓમાં કચ્છી કવિઓનાં વિહંગાલોકન પર ધ્યાન આપીશું.

સૌ પ્રથમ જોઇએ **કવિ રવિ પેથાણી 'તિમિર'** નાં કાવ્ય સંકલન **'વત્તર'**ની આ એક વ્યંગ રચના. ચૂંટણીમાં ભલભલા સમીકરણો બદલાતા આપણે જોઇએ છીએ આને જ કવિએ હુબહુ આલેખેલ છે.

**ચૂંટણી**

**મત ગિનેલા લાટ કે ઘરઘર ઘુમાએ ચૂંટણી,**
**રાત ડીં કેડ઼ા મિણીકેતી નચાએ ચૂંટણી,**

**કાલ તઈ તાં વા જુકો ઘુસમણ, ભનેંતા ઘોસ્ત અજ**
**ઘોસ્ત વેં તેં કે વરી ઘુસમણ ભનાએ ચૂંટણી,**

**ડીંય જો હિકડ઼ે કુરા સે રાત જો વેં બ્યે કુરા,**
**ઢોલ બીં પાસેં વજાઈંધે સિખાએ ચૂંટણી,**

**'જીત તોંજી આય ને પિરધાન પદ પણ પામને,**
**ઈ હથારી મેં વડા ચંઘર વતાએ ચૂંટણી.**

**(લાટ = સારા સારા, બીં પાસેં = બંન્ને બાજુ, હથારી = હથેળી)**

**કવિ મુકુન્દ મહેતા 'અલ્પ'**તો પોતાના કાવ્યમાં જનતાના અહિતમાં કામ કરનાર નેતાઓને **'લૂંટારા'** કહેતા પણ અચકાતા નથી. એમની આક્રોશભરી આ રચના જોઈએ. આમ તો કવિને કચ્છી લખનારા ગુજરાતી ભાષી કહી શકાય તેથી ક્યાંક ગુજરાતી કે શહેરી શબ્દો એમની રચનાઓમાં ડોકીયું કરતા હોય છે પરંતુ આજની આપણી શહેરી કચ્છીને બંધબેસતા હોય છે.

**લૂંટારા**

**અખમેં છલકે ઓબારો ને, ધિલમેં બરેતી હોરી,**
**ચોવાંધા હી દેશ નેતા મિડે, ડેશ કે વિઠા ઝંઝોડી;**
**ભ્રષ્ટાચાર જો હેડ઼ો આતંક, થ્યા નેતા મિડ઼ે ટપોરી,**
**પિંઢ જો નાંણે સે ભરીએં, ડેશ જી લજ વિધાં બોડ઼ી,**
**પૈસેં કે પ્રાધ્યાન ડીંયે તા, કરીંએ વિઠા ચોરઈ,**
**મુકે ડ્યો ભસ મૂકેજ ડ્યો, ધન સેં ભરીંએતા જોલી,**
**'અલ્પ'જી અખમેં રૂંગા અચેં તા, નેરી હી લૂંટારૂ ટોડ઼ી,**
**ડેશજી હેડ઼ી હાલત ડિસીને, ધિલ મેં બરે તી હોરી.**

**(ઓબારો = તાપણું, હોરી = હોળી)**

**કવિ જયેશ ભાનુશાલી 'જયુ'** આજના એક યંગ જોશીલા કવિ તરીકે ઓળખાયા છે. એમની રચનાઓમાં તળપદીપણા સાથે કચ્છીની મીઠાશ ભળેલ છે. નેતાઓ વીશે એમની એકાદ-બે રચનાઓ માણીએ..

**નેતા**

**ચંઘર રાત ડીં ભુલે,**
**ચોમાસો મર મીં ભુલે,**
**ભુલે સીયારો સી ભલેં,**
**ને સિજ પણ ગરમી ભુલે !,**
**પ ખુંધો નેતા ખુડ઼સિયેં,**
**ને ચૂંટણી કે કીં ભુલે...???**

**નેતાજી...**

**હિકડ઼ા નેતાજી !**
**જાડ઼ પોખેલા આયા !**
**તેં કે હિકડ઼ે વિસવાસુ માડૂ પુછેં,**
**સાહેબ, જેર સીમ મેં**
**હિકડ઼ો પ જાડ઼ નાંય;**
**તડેં હેડી ચિંધા કર્યો તા...**
**મોર કિડા વ્યા વા ?**
**નેતાજી ઉનકે કનમેં ચ્યોં,**
**હિકડ઼ો પ જાડ઼ નાંય**
**તડેં ચિંધા ત થીએ ન !**
**કૉ જ પોખીબો ન**
**ત – ચર્યા ! વઢીબો કુરો... ?**

**(ડીં = દિવસ, મીં = વરસાદ, સી = ઠંડી, કીં= કેમ)**

**કવિ હરેશ દરજી 'કસભી'**ની નજરે ચૂંટણી આવતા નેતાઓ શું કરે છે તેનો ચિતાર તેમના પુસ્તક **'કાલર'**માંની આ રચનામાં માણીએ.


**ચૂંટણી**

**ભજાર વિચ જડેં, ચૂંટણી જી સભા મંઢાણી,**
**હથ જોડ઼ે ઉભા થિઈ, લાઉસ જલ્યો તાણી,**
**સજણ ભની સાલખ જેડ઼ો, પેલો કેઓ સંબોધન,**
**ને પોય અચી અસલ તેં, કુછ્યા રાજ રાંધજી વાણી,**
**અઆં ચાર ગાલ્યું સરખીયું, કેંઓ ન કેંઓ ને,**
**લખ-લખ જે વચનેજી, પોય હુભેસ કેઓ લાણી,**
**ગરીભી ને બેકારી કે, ડીંધાસી અર્સીં ડેસ વટો,**
**ને આંજે ગંજે નરમદા જા, ખણીં અચીંધાસી પાણી,**
**સેવા કંધાસી 'કસભી' અર્સીં, ડીં રાત ન્યારે વિગર,**
**ને ચૂંટાજી અચી ઈનીં, ગામજી કઢેઓ ઘાણી !**

# શબ્દાનંદ

## આડી ચાવી

૧. ભય, ડર (૨)
૩. કપિ (૩)
૫. સંખ્યાનું ચિન્હ (૨)
૭. લાંબાપણાનું માપ (૩)
૮. એક સંખ્યા (૨)
૧૦. મગ્ન, ડુબેલું (૩)
૧૨. આધીન, જિતાયેલું (૨)
૧૪. ફેંસલો (૩)
૧૬. મારૂં, (૨)
૧૭. અદબ (૪)
૧૯. નાજુકપણું (૪)
૨૦. નેક, પ્રમાણિક (૫)
૨૨. હોઠ, અધર (૨)
૨૪. ડાબું, ઊલટું (૨)
૨૬. પુષ્કળ, અતિશય (૪)
૨૮. ધોળું, સફેદ (૩)
૨૯. રાતે તીણા અવાજે બોલતું જીવડું (૩)





૩૦. શ્રમ (૪)
૩૪. ગંજીફાની એક રમત (૨)
૩૫. નાતવરાનો દિવસ (૫)

## ઊભી ચાવી

૧. આવવું અને જવું તે (૫)
૨. ડાઘ, બટ્ટો (૨)
૩. બે ભાગ ઘટ્ટ જોડવા વચ્ચે મુકાય (૪)
૪. બાતલ કરેલું (૨)
૬. ય તો... હો ગયા (૩)
૯. અઠવાડિયાનો એક વાર (૨)
૧૧. હિજરી સનનો એક મહિનો (૪)
૧૩. રૂની ઓઢવાની એક પ્રકારની ગોદડી (૩)
૧૫. છળકપટ, પ્રપંચ (૪)
૧૭. તાત્પર્ય (૪)
૧૮. દબદબો (૩)
૨૧. ક્રીડા, ખેલ (૩)
૨૩. સમય બડા..... (૪)
૨૫. અંધારું (૪)
૨૬. ઘા પર ચોપડવામાં આવે (૩)
૨૭. જ્ઞાન, અક્કલ (૪)
૩૧. વહાલ, સ્નેહ (૨)
૩૨. એક તેજાનો (૨)
૩૩. એક ઝાડ (૨)

ભુલ સુધાર : અંક નં ૨૧માં શબ્દાનંદમાં ઊભી ચાવી નં. ૨૮માં ભાઠાની જમીન વાંચવું - વનિતા નાગડા




**NUMBER GAME**

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**


**2 Digit Nos :** 16, 24, 26, 29, 35, 43, 54, 56, 59, 61, 77, 82, 94.

**3 Digit Nos :** 168, 172, 184, 253, 318, 475, 527, 682, 829, 985.

**4 Digit Nos :** 1236, 2754, 3157, 3447, 3928, 4254, 4156, 5133, 5429, 6782,7236, 7263, 8117, 8875,8753, 9824.

**5 Digit Nos :** 15647, 19387, 23768, 32545, 53641, 62457, 74483.

**6 Digit Nos :** 152384, 247356, 764859



**You are what your deep, driving desire is.**

**As your desire is, so is your will.**

**As your will is, so is your deed.**

**As your deed is, so is your destiny**

# અણમોલ ભેટ

એક તો ભર ઉનાળાનો સમય ને ઉપરથી ઠાંસોઠાંસ ભરાયેલો ટ્રેનનો ડબ્બો... ચારે બાજુ ઘોંઘાટ અને એકબીજા પર ખડકાયેલા લોકોના પરસેવાની ગંધ. તો યે સુકેતુનું ધ્યાન આ કશામાં નહોતું. એક તો ઓચિંતું જવાનું નક્કી કર્યું ને વળી પાછું વેકેશન. રિઝર્વેશન મળવાની તો કોઈ શક્યતા જ નહોતી. પણ કોઈપણ સંજોગોમાં પ્રિયા પાસે પાહેંચવું જરૂરી હતું એટલે અગવડ સગવડ વિશે વિચાર્યા વગર, બસ નીકળી પડયો હતો.

આટલાં બધાં વર્ષે પ્રિયાએ એનું સરનામું ક્યાંથી મેળવ્યું હશે એને મન એક કોયડો હતો. પ્રિયાના મરોડદાર અક્ષર તો એ ઊંઘમાંથી ઊઠીને પણ ઓળખી કાઢે પણ પત્ર ધ્રુજતા હાથે લખાયેલો હોય એવું જણાઈ આવતું હતું.

પ્રિય સુકેતુ,

એક સમયની તમારી પ્રિય એવી પ્રિયા આજે મરણપથારીએ પડી છે. હાથમાં ઝાઝો સમય નથી. આમાં તો ડોક્ટરે ત્રણ મહિનાની મુદત આપી હતી ને આ ચોથો ચાલે છે એટલે....

મારી તમને આ પહેલી ને છેલ્લી વિનંતી છે કે, પત્ર મળે કે તરત જ નીચે જણાવેલા સરનામે આવી પહોંચજો. મોડા ન પડશો. તમે ન આવો ને યમરાજ તેડું લઈને આવશે તો પડશે જ પણ એ મારે માટે બહુ વસમું બની રહેશે. આવશો ને?

- પ્રિયા

સુકેતું સોળ - સત્તર વર્ષ પહેલાંની પ્રિયાને યાદ કરવાનો પ્રયત્ન કરી રહ્યો. પોની ટેઈલ વાળતી અને વાતવાતમાં ખડખડાટ હસ્તી પ્રિયા જાણે કહી રહી હતી, હવે મને જોશો તો ઓળખી નહીં શકો સુકેતુ, લાગી શરત? વાળ બધા ખરી ગયા છે અને હસવાનું તો સાવ ભુલાઈ જ ગયું છે. સુકેતુને આવી કલ્પના કરવી ન ગમી.

સ્ટેશન ઊતરીને રિક્ષાવાળાને સરનામું બતાવ્યું પછી ઘર શોધવામાં મૂશ્કેલી ન પડી. બે - ત્રણ વખત બેલ માર્યા પછી પંદરેક વર્ષની કિશોરી, જે દરવાજો ખોલવા આવી એને એ એકીટસે જોઈ જ રહ્યો. આ તો નખશિખ પ્રિયા જ જોઈ લ્યો જાણે! પ્રિયાની દીકરી જ લાગે છે. ત્યાં તો પ્રિયાની માફક જ મીઠું હસતા એ બોલી તમે જ સુકેતુબાબુ ને ? જુઓ, કેવા ઓળખી કાઢયા ? આવો, અંદર આવો. મા તમારી ખુબ રાહ જુએ છે.

પ્રિયાની હાલત જોતાં સુકેતું હલબલી ગયો. આ પ્રિયા? પેહલાંની પ્રિયાનો કોઈ અણસાર બચ્યો નહોતો. જીવલેણ માંદગીએ એનાં નુર - તેજ હણી લીધાં હતાં. સુકેતુને જોતાંની સાથે એની આંખોમાં આંસુ ધસી આવ્યાં. બેઠા થવાનો પ્રયત્ન કરતાં એ બોલી,

મને ખાતરી હતી, તમે આવશો જ. મારો પત્ર મળે પછી તમે આવ્યા વિના રહો જ નહીં ને! બેસો, મારી નજીક બેસો. મન ભરીને આજે તમને નીરખી લઉં. કાલની કોને ખબર છે?

સુકેતુ એ એને ખભેથી પકડીને કાળજીપૂર્વક સુવડાવી. પ્રિયાને શ્વાસ લેવામાં ખૂબ તકલીફ પડતી હતી છતાં એણે પુછયું. આપણે છૂટા પડયા પછી તમે લગ્ન કર્યાં કે નહીં?

સુકેતુએ એની સામે દર્દભરી નજર કરતા માથું ધુણાવીને ના પાડી. એ જોઈને એને જાણે નિરાંત થઈ હોય એવું લાગ્યું સુકેતુએ કહ્યું, જવા દે એ બધું હવે જાણીને શું ફાયદો? અને પછી પેલી દરવાજો ખોલવા આવેલી યુવતી જે તરફ ગઈ હતી એ બાજુ નજર કરતાં સવાલ કર્યો, આ તારી દીકરી? અસ્સલ તારી કાર્બન કોપી જ લાગે છે.

હા, એનું નામ પ્રકૃતિ. મેં એને કહી રાખ્યું હતું કે, તમને આદુ ફુદીનાવાળી ચા બહુ ભાવે છે. એટલે તમારે માટે ચા બનાવવા જ ગઈ છે.

ને તારા પતિ? એ કયાં છે ? દેખાતા નથી? ચાર - પાંચ વર્ષ પહેલાં એમનું અવસાન થયું. ખૂબ ભલા માણસ હતા.

ઓહ ! બહું દુઃખ થયું આ જાણીને. પ્રકૃતિ બિચારી બાપની ઓથ વિનાની થઈ ગઈ.

ના, ના. મારા પતિ ભલે ગયા પણ પ્રકૃતિ નાબાપી નથી બની. આ કહેવા માટે જ મારે તમને બોલવવા પડયા છે. યાદ આવે છે, કોલેજની પિકનિક વખતે બધાથી છુટાં પડીને આપણે

બંનેએ એક સરકીટ હાઉસમાં એકાંતની પળો માણી હતી? સુકેતુને જાણે ધરતીકંપનો આંચકો લાગ્યો. શું વાત કરે છે? એટલે પ્રકૃતિ..... પ્રકૃતિ....

હા, પ્રકૃતિ તમારી, એટલે કે, આપણાં બંનેની દીકરી છે. બધું જાણવા છતાં મારા પતિએ મારો સ્વીકાર કરેલો. દિકરીને જરાય ઓછું નહીં આવવા દે એવું પોતાનું બોલેલું એમણે છેવટ સુધી પાળ્યું. પણ તમે મને લગ્ન કરવાનું વચન આપેલું એ પછી એકાએક શું થયું કે, તમે મને મળવાનું, મારી સાથે વાત કરવાનું ઓછું કરવા માંડ્યું અને એક દિવસ અચાનક જ ક્યાં અદ્દશ્ય થઈ ગયા, ખબર જ ન પડી. મારે તમને એ પૂછવું હતું કે, તમે મારો વિશ્વાસભંગ શા માટે કર્યો?

થાકી ગયેલી પ્રિયાને માથે હાથ ફેરવતાં સુકેતુએ કહ્યું, ચાલ, આજે બધી વાતના ખુલાસા કરી જ લઈએ. મને તારાથી દૂર રહેવાની બીજા કોઈએ નહીં, તારી માએ જ કહ્યું હતું,

મા એ? પ્રિયાને નવાઈ લાગી.

હા, એમણે એક દિવસ મને મળવા બોલાવીને ખુબ આજીજી કરી કે, હું તને છોડી દઉં, કેમ કે, આપણી ન્યાત જુદી હોવાને કારણે તારા પિતાજી અને સમાજ આપણાં લગ્ન કદાપિ મંજૂર નહીં રાખે. તેઓ આપણને પીંખી નાખશે, આખી જિંદગી નિરાંતે જીવવા નહીં દે. તને આ રીતે દુભવવી પડી એના પ્રાયશ્ચિતરૂપે જ મેં જીવનભર એકલા રહેવાનું નક્કી કર્યું.

પ્રકૃતીએક ટ્રેમાં ચા અને બિસ્કીટ લાવી અને સુકેતુના હાથમાં કપ આપતાં બોલી, તમારાં આવતાં પહેલા માએ કંઈ પણ છુપાવ્યા વિના મને બધી વાત કરી હતી. આઈ એમ પ્રાઉડ ઓફ યુ પપ્પા.

પ્રકૃતિને સુકેતુના હાથમાં સોંપવા પુરતા જ શ્વાસ ટકાવી રાખ્યા હોય એમ એ જ રાત્રે પ્રિયાએ શાંતિ અને સંતોષથી વિદાય લીધી. બાપ - દીકરી પાછાં ફરી રહ્યાં ત્યારે પણ ટ્રેનમાં ભીડ અને ઘોંઘાટ હતાં પણ એ બધાથી બેફિકર પ્રકૃતિ સુકેતુના ખોળામાં માથું મુકને સુતી હતી અને સુકેતુ એના કીખરાયેલા વાળ સરખા કરતાં મનોમન પ્રિયાને કહી રહ્યો હતો,

પ્રિયા, વિશ્વાસ રાખજે. આપણી લાડલીને દુનિયાભરનું સુખ આપીશ. એને થયું, ગયો હતો ખાલી હાથે અને પાછા ફરતાં પ્રિયાએ આપેલી આ અણમોલ ભેટથી સભર નવું જીવન લઈને જાઉં છું. આભાર પ્રિયા.

***(ક્રિષ્ના ચેટરજીની અંગ્રેજીની વાર્તા પરથી - આશા વિરેન્દ્ર***

## કે.ડી.ઓ. સામાજિક સુરક્ષા યોજના

શ્રી લબ્ધી કુમાર મોમાયા (શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી - ગાંધીધામ)ના કચ્છના ૨૦ ગામોમાંથી સ્થાનિક ૫૧ જ્ઞાતિજનોને સ્પોન્સર કરી તથા અન્ય ૧૦ જ્ઞાતિજનોના ફોર્મ એકઠા કરી કુલ ૬૧ નવા સભ્યો બનાવી તથા શ્રી કચ્છી દશા ઓસવાલ મહાજન, ગાંધીધામ વિસ્તારમાંથી ૬૮ સભ્યને, ફોર્મ ભરાવીને મોકલવાથી એપ્રીલ ૨૦૧૪ માં કુલ નવા ૧૪૭ સભ્યો નોધાંઆ છે.

શ્રી લબ્ધિકુમાર મોમાયા એ છેલ્લા ૬ વર્ષમાં ૧૫૦થી વધુ સભ્યોને સ્પોન્સર કર્યા છે. સભ્ય પાસેથી ફક્ત રૂા. ૨૦૦/- લઈ પોતે તેમના વતી રૂા. ૨૦૦૦/- ભરી અસાધર્મિક ભક્તિનો લાભ લઈ રહ્યા છે.

જ્ઞાતિજનોને રૂા. ૨૨૦૦/-, ફક્ત એકજ વખત ભરી સામાજિક સુરક્ષા યોજનાના સભ્ય મેમ્બર થવા વિનંતી છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના તા. ૮.૬.૧૪ના રવિવારના રાતે ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર - માંડવીવાળાએ લીધેલ છે.

આગામી માસની ભાવના તા. ૬.૭.૧૪ ના છે તેનો લાભ શ્રી કુંવરજી વીરજી શાહ ભારૂડીયા વાળાએ લીધેલ છે.

## આરોગ્ય માટે ઉપયોગી ટીપ્સ

ડો. વીરચંદ લખમશી નાગડા, મુલુંડ
મો. ૯૮૨૧૩૮૫૬૫૨

૧. અલ્ઝાઈમર્સ એક એવી બિમારી છે. જેમાં યાદશક્તિ, વિચારક્ષમતા ખરાબ થાય છે, હાલની ઘટના ભુલાય કે થોડા સમય પહેલાંની ઘટના ભુલાય, સમય સ્થળ - કાળ વિશે અભાન, નામ ભુલાય, છેવટે સીધા - સાદા કાર્યો કરવાની શક્તિ ક્ષીણ થાય છે. અમુક ઉંમર પછી કયારેક મળનારા સગા - સંબંધીના નામ ભુલાય કે વસ્તુ કયાં મુકાઈ તે ભૂલી જવાય તો અલ્ઝાઈમર્સ થયો છે એ ડર રાખવાની જરૂર નથી. ઉંમર વધે તેમ આવી તકલીફ થવી સહજ છે આશાવાદી બની પોઝીટીવ થીંકીગ રાખી જીવવાથી તેમજ ભુલાતા કાર્યો કે મુકાયેલ વસ્તુની યાદી બનાવી આ તકલીફને સરળ બનાવી શકાય, અને તેથી વિપરીત નકામો ડર રાખી, ચિંતિત થઈ જીવવાથી નુકસાન થશે અને બિમારી ન હોય તો પણ લાગુ પડી જાય.

ચાર મહીનાના અભ્યાસમાં જણાયું કે કેસર (કેસર અસલી હોવી જરૂરી) શરૂઆતના કે મોડરેટ અલ્ઝાઈમર્સની બીમારીમાં અસરકારક છે. અન્ય એક અભ્યાસમાં જણાયું છે કે વિટામીન ઈ પણ આ બિમારીને આગળ વધતી અટકાવે છે. વીટામીન ઈ - મકાઈ, ડ્રાયફ્રુટસ, ઓલીવ, પાંદડાવાળી ભાજી, વેજીટેબલ ઓઈલ અને ફણગાવેલા ઘઉંમાંથી મળે છે, તેમજ વિટામીન ઈ ની ગોળી પણ લઈ શકાય. પ્રયોગોમાં જણાયું છે કે નીઆ સીનામાઈડ જે વિટામીન બી નું એક્ટીવ ફોર્મ છે તે અલ્ઝાઈમર્સમાં ફાયદો કરે છે.

૨. બાળકોને તળેલા કે સાકરવાળા પદાર્થો નાસ્તામાં કે જમવામાં ન આપીએ એટલું એમના આરોગ્ય માટે સારૂં પણ તે ઉપરાંત નીચેના પદાર્થ પણ ટાળવા. ફ્રુટકેક કે ફ્રુટ ગમ્મીસ માં પુષ્કળ સાકર હોય છે. ફ્રુટસ (ફળો)ના નામ પર આપણે મીસ ગાઈડ થઈએ છીએ દાંતમાં સાકર ભરાઈ દાંતમાં સડો પેદા કરે છે. ફ્રેન્ચ ફ્રાઈસ નામના ફાસ્ટ ફુડ બાળકોને ટેસ્ટી હોવાને લીધે ખૂબ ભાવે છે. એમાં ફક્ત આરોગ્યને નુકસાન કરનાર ટ્રાન્સફેટ અને પુષ્કળ કેલેરી હોય છે. બાળકો તે એક ધડાકે વધુ પ્રમાણમાં ખાઈ જાય છે. આને બદલે બાળકોને બટેટા - કેળા (કાચા) ના ચીપ્સ કરી આપો જેમાં એમને રેષા (ફાયબર) વિટામિન સિ અને પોટેશ્યમ મલે.

સોડા કે કોલા પીતા બાળકો ભવિષ્યમાં ટાઈપ - ૨, ડાયાબિટીઝ અને જાડાપણાનો ભોગ બને છે સાથે દાંત પણ સડશે. તૈયાર ફ્રુટજ્યુસ - સ્કવેશમાં સો ટકા ફળોનો રસ નહીં હોય તો સોડા જેટલું જ પોષણ. આને બદલે દુધ, પાણી અને તાજા ફળોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરો. નાસ્તા તરીકે ખવાતા ગ્રેનોલા બાર્સમાં, પણ ખાસ પોષણ નથી. તેમાં આર્ટીફીસીઅલ મીઠાશ, સેચ્યુરેટેડ ચરબી હોય છે જે નુકશાનકારક છે. યુવાનો ક્રિકેટ, બેટમીન્ટન જેવી રમતો પછી તરસ લાગે, થાક લાગે ત્યારે પાણીને બદલે એમને સ્પોર્ટસ્ ડ્રીન્ક તરિકે લે છે તે બરાબર નથી. ચોકલેટ મિલ્ક લેશે તો પ્રોટીન કાર્બોહાઈડ્રેટ મળશે જે સ્નાયુઓને માટે ફાયદાકારક છે.

બાળક ૧ વર્ષનું થાય ત્યાં સુધી એને મધ અને મધયુક્ત ચીજો ન આપવી કારણ કે મધમાં સ્પોરસ હોઈ શકે જેને લીધે બોટુલીઝમ થઈ શકે જેમાં ઉલ્ટી, લકવો, શ્વાસોશ્વાસની તકલીફ થઈ શકે. નુડલ્સ - પાસ્તામાં પોષણ ઓછું હોય છે સાથે સોડિયમ ખુબ હોયછે જે બાળકો માટે નુકશાનકારક બની શકે. બાળકોને ચીઝ પણ વધારે ન ખવડાવો એમાં ફેટ ખુબ હોય છે. કેલેરી વધુ મળે છે એથી બાળકોમાં જાડાપણું આવી શકે. બાળકોને યોગ્ય પૌષ્ટિક ખોરાક આપો જેથી તેઓ નીરોગી રહે.

૩. વજન અને પેટ ઓછું કરવા માટે ખાવાપીવામાં કન્ટ્રોલ અને બેઠાડુજીવન ત્યજવા. ઉપરાંત રોજ દહીં ખાઓ. આશ્ચર્ય થશે પણ એક સંશોધનમાં એવું જણાયું છે કે રોજ ૨૦૦ ગ્રામ દહીં ખાવાથી ૩૦૦ મી. ગ્રા. કેલ્શીયમ મળે જેથી વધતું પેટ નિયંત્રણ માં આવે છે. આપણા શરીરને કેલ્શીયમ ન મળવાથી વધારાની ચરબી તૈયાર થાય છે જેથી જાડાપણું વધે છે. દહીં ખાવાથી તેમાં રહેલા લેપ્ટીન નામના હોર્મોન્સને લીધે આપણી ક્રિયાશીલતા વધે છે જેથી શરીરનું તાપમાન વધે છે અને શરીરમાંની વધુ ઉર્જા

ખર્ચાય છે જેથી ચરબીમાં ઘટાડો થાય છે. કેમ્બ્રીઝ યુનીવર્સીટી ઈંગ્લેડના ૩૫૦૦ લોકો (જેમાંના ૭૫૦ ડાયાબીટીઝ પેશન્ટ) પરના સંશોધનમાં જણાયું કે અઠવાડિયામાં ૪ થી ૫ વાટકા યોગર્ટ (દહીં) ખાવાથી ડાયાબીટીઝનો રીશ્ક ૨૮ ટકા ઘટી જાય છે. દહીં ખાવાથી આપણને પ્રોટીન, વિટામિન્સ અને ખનીજો મળે. આથો આવવાની પ્રક્રિયા (ફરમેન્ટેશન) વાળા ડેઅરી ખાવો ખુબ ફાયદામંદ છે કારણકે એમાં ઉપયોગી બેકટેરીયા અને ખાસ પ્રકારનું વિટામીન કે ઉત્પન્ન થાય છે. સ્વીડન ના લોકો રોજ યોગર્ટ (દહીં) ખાય છે અને સારું સ્વાસ્થ્ય અને લાંબુ આયુષ્ય ભોગવે છે. દહીં હાડકા માટે પણ ઉપયોગી છે. શ્વાસમાં વાસ આવતી હોય તો રોજ દહીં ખાવ, દહીંમાં રહેલા ઉપયોગી તત્વો બેક્ટેરીયાને (આંતરડામાં રહેલા) ઘટાડે છે.

દહીંનો એક વધુ ઉપયોગ વાળમાં થતા ખોડાથી મુક્તિ. ખોડાની તકલીફ વાળાએ ૧ સમચો મરીનો ભુકકો ૧ કપમાં દહીંમાં મિક્સ કરી માથાની ચામડી સ્કાલ્ફ પર સારી રીતે લગાડો. થોડો સમય રાખી ધોઈ નાખો અથવા કાચા પપૈયાના બીને દહીં સાથે ફીણી વાળના મૂળમાં લગાડી અડધો કલાક રાખ્યા પછી ધોઈ નાખો. ખોડાની તકલીફ ઓછી થશે જ.

૪. અનેક રોગોનો રામબાણ ઈલાજ સુંઠ છે. સુંઠ ખાવાથી ખાધેલું અન્ન પચી જાય છે અનો પાચન થાયતો જ તાકાત મળે અને બિમારીઓ ન થાય માટે જ કહેવાય છે કે કોની માએ સવાસેર સુંઠ ખાધી છે??? બાળકોને બિસ્કીટ, બર્ગર, ટોસ્ટ જેવી ચીજોને બદલે નાસ્તામાં સુંઠ નાખેલી સુખડી ખવડાવો. સુંઠ, ઘી, ગોળના મિશ્રણથી બનાવેલી ગોળીઓ રોજ ખાવાથી શક્તિ મળે; પિત્ત અને વાયુના દોષથી બચાવે. ઉપવાસ એકાસણાની મોટી તપસ્યાના પારણામાં પણ સુંઠનો ઉપયોગ કરાય છે. હરસના રોગમાં સુંઠ લેવાથી ૮ -૧૦ દિવસમાં આરામ થાય છે. સુંઠ, ઘી, ગોળ અને ગુંદરની રાબ પણ શક્તિદાયક છે. આયુર્વેદ માને છે કે મોટાભાગના રોગ પેટથી શરૂ થાય છે. એટલે કે અન્ન પચે નહીં તો તાકાત ન આવે, કાચો આમ તૈયાર થાય જે અશક્તિ, એસીડીટી, ગેસ, ચામડીની બિમારીઓ, ડાયાબીટીઝ, હાઈ કોલેસ્ટરોલ, સંધિવા વગેરે અનેક બિમારી ઉત્પન્ન કરે. પથ્થર તોડતા મજુર કે એવા મહેનતના કામ કરતા લોકોને ગમે તે ખાય પચી જાય છે (અને એમનું ખાવાનું પણ સાદું હોય છે). ખોરાકને પચાવવું વધુ મહત્વનું છે. આપણા વડીલો ઘી, માખણ વગેરે ખાતા અને પચાવતા પણ એટલે આજના જેવા અને જેટલા રોગ નહોતા.

નિરોગી રહેવા ઘડી ઘડી ન ખાતાં, ખાધેલું પચે પછી એટલે કે ૪ કલાક પછી જ ખાવું જ યોગ્ય. જમવાથી ૧ કલાક પહેલાં સુંઠ પાવડર ખાઓ. જમવાથી ૧ કલાક અગાઉ સુંઠ ખાવી શક્ય ન થાય તો અડધો કલાક અગાઉ પણ ચાલશે કે સુંઠ ખાધા પછી તરતજ જમવું પડે તો પણ ચાલશે કારણ સુંઠ આગળ ન પચેલા ખારોકને પચાવી આપણને બિમારીઓથી દુર રાખશે.

૨, વાજીકરણ અને કફધ્ન છે. મધને જે યોગ સાથે મેળવવામાં આવે તે યોગનો પ્રભાવ બેવડો થઈ જાય. એમાં કુદરતી શર્કશ હોય છે જે આસાનીથી પચે છે ઉપરાંત લોહ, ફોસ્ફરસ, કેલ્શિયમ, સોડિયમ, પોટેશ્યમ વગેરે ક્ષારો અને વિટામીન બી અને સી હોય છે. મધનો રંગ જેમ ઘેરો એમ ક્ષારો વધુ - શુધ્ધિ મધથી બેક્ટેરીઆ, વાયરસ, ફંગસનો નાશ થાય છે. ફેફસાંનો ક્ષય (ટી.બી.), ટાઈફોઈડ, શરદી, ઉધરસ, પેશાબની બિમારીમાં ઉપયોગી. રોજ ૧ ચમચી શુદ્ધ મધ લેવાથી ૧ માસમાં કોલેસ્ટ્રોલ ૧૦ મી. ગ્રા. ઘટે, સારૂં કોલેસ્ટ્રોલ વધે. સવારે ખાલી પેટે કોમળ પાણીમાં શુદ્ધ મધ અને લીંબુ નાખી લેવાથી શરીરમાંથી ટોકસીનને કાઢવામાં લીવરને મદદરૂપ થાય છે અને શરીરની ચરબી ઓછી થાય. ચહેરાપર શુદ્ધ મધ લગાડવાથી કચલીઓ દુર થઈ તાજગી અનુભવાય. શુદ્ધ મધ પીવાથી સ્ફુર્તિ, તાકાત મળશે. અમુક અભ્યાસમાં જણાયું કે તજના પાવડર સાથે મધે લેવાથી કોલેસ્ટ્રોલ ૧૦ ટકા ઘટે છે અને હૃદયની નસો નીરોગી રહે છે. મોટા ભાગના મધ શુધ્ધિ નથી હોતા, બનાવટી હોય છે, ગળ્યા શીરપ હોય છે. મધને પ્રોસેસ કહે એટલો એમાં પોલન જતા રહે અનો એન્ટીઓક્સીડંટ નાશ પામે.

**ક્રમશઃ**

# મુંબઈ સાલસા
## ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા મુંબઈ દર્શના મુંબઈ સાલસા

શ્રી ક.દ.ઓ. વાદ્યાર્થી સંઘ દ્વારા રવિવાર તા. ૧૮.૫.૧૪ના ત્રણ ઓપન બસ દ્વારા મુંબઈ દર્શનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨ બસ ભાંડુપ તથા મુલુંડથી રવાના થઈ તથા ૧ બસ ઘાટકોપર થી રવાના થઈ. ૨. કુલ્લ ૨૫ મેમ્બરો સાથે બધા ચેંબુર મોનોરેલના સ્ટેશન પહોંચ્યા ત્યાં શ્રી કલ્પેશભાઈ મોતા, હીરાલાલભાઈ ડાઘા અમિત મોમાયા પણ સાથે જોડાયા હતા. મોનોરેલની ઉત્સુકતા ભરી સફર માણી સો. વડાલા સ્ટેશને પહોંચ્યા હતા. ત્યાં ભોજન વ્યવસ્થા હતી.

ત્યાંથી બસો સી. એસ.ટી. થઈને મ્યુઝીયમ પર પહોંચી હતી. મ્યુઝીયમમાં જુની કલાકારીગીરી અને અવનવી ચીજો જોઈને ગેટ વે ઓફ ઈંડિયા પર પહોંચ્યાબુક કરેલી ૩ બોટમાં મા સૌ કોઈએ, દરીયાની અનોખી સફર માણી. ત્યાંથી બસો દ્વારા નરીમન પોઈન્ટ, ચોપાટી, મરીન લાઈન્સ, હાજી અલી, વરલી, સી - ફ્રેસથી પસાર થઈ બધી જગ્યાએ મજા માણી. વિદ્યાર્થી સંઘના મેમ્બરો દ્વારા બસની ખુબ સુંદર સજાવટ થયેલ.

વરલી - સી - લિંક દ્વારા બાંન્દ્રા થઈને પાછા મુળ સ્થાને ઘાટકોપર - ભાંડુપ - મુલંડ પહોંચ્યા.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના પ્રમુખ શ્રી અનુજ ગીરીશ લોડાયા તેમજ કમીટી મેમ્બરો મયંક મોમાયા, ઊર્મિન લોડાયા, તેજસ ખોના, ધર્મિતા લોડાયા, હેમીલ દંડ, શુભમ લાપસીયા, તેજલ ધ્રોળ, દીવેશ લોડાયા, મીતલ ધરમશી, હીતેન લોડાયા, કરન છેડા, વિપુલ સોની તેમજ ફોરમ લાલકા, અર્પણ ખોના, ઊર્વેશ છેડા, રાકેશ મૈશેરી, લબ્ધિ લોડાયા, રાજ , એકતા લોડાયા, જલ્પા મોમાયા, નીતિ મૈશેરી, પ્રતીક સાયલા, બીતા મૈશેરી, રીચા નાગડા, ઉદય મોમાયા, ભૈરવી લોડાયા, અભય લાપસીયા, કીંજલ લોડાયા, નીકીતા લોડાયા, ઊષ્મા ડાઘા અને જૈનીશ શાહ એ પણ ખુબજ જહેમત લીધેલ.

### વીમા ખાતે જ્ઞાતિની નિયાણીની સિધ્ધિ

ગીતાંજલી ખોના કોન્ટ્રેકટર (હીરા નેણસી ખોના નલિયાની પુત્રી) યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપનીમાં અસીસ્ટન્ટ મેનેજર ડેવલોપમેન્ટ કેટેગરીમાં બીઝનેશ સ્પેશીલ ડ્રાઈવમાં સંપૂર્ણ ભારતમાં સૌથી વધારે પ્રીમીયમ ભેગું કરવામાં સફળ થયા છે. તા. ૨૯.૦૪.૧૪ના રોજ ઉટાકામં (ઉટ્ટી)માં યુનાઈટડે ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપનીના ચેરમેન કમ મેનેજીંગ ડાયરેક્ટર શ્રી મીલીન્દ ખરતના હસ્તે ઓલ ઈન્ડીયા બેસ્ટ પરફોર્મસ ની ટ્રોફી તથા રૂા. ૬૦,૦૦૦ના ચેકથી તેમનું સન્માન કરવામાં આવ્યું છે. આ વર્ષે તેઓ એકજ મહિલા છે જે આ સન્માન મેળવવા સદભાગી થયા છે.

શ્રી અરિહંત કો ઓપરેટીવ બેન્કના બેન્ક એસ્યોરન્સ વિભાગમાં તથા શ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટની જ્ઞાતિ માટેની મેડીકલેઈમ પોલીસીની કાર્યમાં પણ તેમણે સારો સહકાર આપ્યો છે.

- હીરા ખોના

### અચલગચ્છાધિપતિશ્રીનું ચાર્તુમાસ ગઢશીશા નગરે

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ.પુ.આ.ભ.શ્રી ગુણોદય સાગર સુરીશ્વરજી મ.સા. તા. ૯.૭.૨૦૧૪ના ગઢશીશા - કચ્છ મધ્યે ચાર્તર્માસ પ્રવેશ કરશે તથા કચ્છના જૈન સંઘોમાં અનેરા આનંદ ઉમંગની લહેર પ્રસરી છે. સાહિત્ય દિવાકર પ.પુ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગર સુરીશ્વરજી મ.સા. તા. ૯.૭.૧૪ ના બીદડા - કચ્છ મધ્યે ચાર્તુમાસ પ્રવેશ કરશે.

### જૈન એકેડમી એજ્યુકેશન રીસર્ચ સેન્ટર પ્રમોશન ટ્રસ્ટ

તીર્થંકર મહાવીરની અનન્ય ફિલોસોફીને વિશ્વમાં ફેલાવવાના અને યવુા પેઢીને આ માટે તૈયાર કરવાના પ્રયાસ રૂપે મુંબઈ યુનિવર્સીટીમાં સલગ્ન અભ્યાસક્રમમાં જોડાયેલ ૩૫૦ વિદ્યાર્થીઓનો સમાવિષ્ટ કરતો એક કાર્યક્રમ શનિવાર ૭ જુન ૨૦૧૪ના યુવિવસીર્ટી કેમ્પસ, શાંતાક્રુઝ (કલિના) મધ્યે યોજાશે.

# TEEN TWINKLE

Compilations And Contributions by
Mrs. Neelam Dalesh Momaya M/s. Damji Bhimji Co, Station Road, Chalisgaon – 424101, Jalgaon District.

**Interesting Anecdotes**

When the great Sufi saint Hasan was dying, somebody asked him, 'Hasan who was your master?'. He said, 'I had thousands of masters. If I just relate their names, it will take months, years and it is too late. But I will certainly tell you about two masters.

One was a thief. Once I got lost in the desert and when I reached the village it was very late, everything was closed. But at last I found a man who was trying to make a hole in the wall of the house. I asked him, 'where I could stay' 'and he said, 'At this time of the night, it will be difficult, but you can stay with me - if . you can stay with a thief' The man was talking truth. I stayed for one month! And each night he would say to me, 'I am going to work. You rest, you pray.' When he came back home, I would ask 'Could you get anything?. He would say, ' Not tonight. But tomorrow it is going to happen." He was never in a state of hopelessness, he was always happy. When I was meditating and meditating for years and when nothing happened, many a times a moment came, I was so desperate, so hopeless, that I thought to stop this and suddenly I would remember the thief and say every night, 'God willing, tomorrow it is going to happen".

And the second master was a small child. I entered the town and a child was carrying a lit candle. He was going to a mosque to put a candle there. Jokingly, I asked the boy, 'Have you lit the candle yourself'?

He said' yes sir'. And then I asked,' there was a moment when the candle was unlit and there was a moment when the candle was lit. Can you show me the source from which the light came? ' And the boy laughed, blew out the candle and said, ' now you have seen the light going. Where has it gone? Can you tell me? ' My ego was shattered, my whole knowledge was shattered. At that moment I felt my own stupidity.

I accepted the whole existence of my master. My disciplehood was an involvement with existence. I trusted the clouds, the trees. I had millions of masters. I learned from every possible source.

To be a disciple it is a must on the path. What does it mean to be a disciple? It means to be able to learn and be willing to learn from all.

LET NOBLE THOUGHTS FLOW TO US FROM ALL DIRECTIONS.

**PROVERBS ARE LAMPS TO LIFE**

WE HAVE JUST ENOUGH RELIGION TO MAKE US HATE, BUT NOT ENOUGH TO MAKE US LOVE ONE ANOTHER.

*** OUR GREATEST GLORY CONSISTS NOT IN NEVER FAILING, BUT IN RISING EVERYTIME WE FALL.

****SOW AN ACT AND REAP A HABIT, SOW A HABIT AND REAP A CHARACTER. SOW A CHARACTER AND REAP A DESTINY,

**AMAZING FACTS**

- THE KING OF HEARTS IN THE PACK OF CARDS IS THE ONLY KING WITHOUT A MOUCHTACHE .

- SKEPTICICSMS IS THE LONGEST WORD THAT ALTERNATE HANDS WHEN TYPING.

- NO PIECE OF SQUARE DRY PAPER CAN BE FOLDED MORE THAN 7 TIMES BY HALF.

**AMAZING FIGURES**

Almost 3 trillions of mineral nodules are scattered over 50 million sq kms of sea bed in the world's oceans. They can meet the whole world demand for manganese, copper nickel and zinc for hundreds of years ...

*****the 118 year old clock owned by an innkeeper on the shores of a lake in upper Bavaria (Germany) is said to be the largest time piece in the world. The clock which has 4 clock faces weighs 255 cwt. Four of the clock faces tell the time in Berlin, Vienna, Munich and Paris - cities of Europe.

India has the largest cattle population in the world. They produce on an average40 to 50 crare tones Of dung per annum. If all the dung was used about 8000 crare cubic meters of biogas can be produced. It would save 18 crare tones of firewood. The biogas from the cow dung will solve most of the energy problems of rural India, particularly for cooking and lighting purposes.

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. સમસ્ત લોડાયા પરિવાર જય સચ્ચામાની પહેડી

શ્રી ક.દ.ઓ. સમસ્ત લોડાયા પરિવાર સચ્ચાઈ માતાજીની પ્રથમ પહેડીનું આયોજન દાતાશ્રીઓના સહયોગથી મુલુંડ કાલીદાસ ઓપન ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલ.

માતાજીને વાજતે ગાજતે દાતા પરિવાર દ્વારા લાવી પોંખવમાં આવ્યા. ત્યારબાદ માતાજીને નૈવેદ્ય (જુહાર) કરવામાં આવેલ. દીપ - ધુપ - ફૂલહાર - ચુંદડી - પુજામાં બેસવા માટે, અલગ અલગ દાતાશ્રીઓએ લાભ લીધેલ. પ્રથમ પહેડીમાં ૨૦૦૦ જ્ઞાતિજનોએ લાભ લીધેલ.

સચ્ચાઈ માતાજી તથા લોડાયા પરિવારની વિધિઓની બુકનું વિમોચન નયન ભેદા, પ્રવિણ લોડાયા, જયેશ જૈન, વિરચંદ લોડાયા, ગોવીંદજી પટેલ, પુનશીભાઈ તથા સર્વે મહાનુંભવો દ્વારા કરવામાં આવેલ.

સમસ્ત લોડાયા પરિવાર સમિતિવતી પ્રવીણ લોડાયા, વિપુલ પટેલ, વીરચંદ લોડાયા વિરેન્દ્ર લોડાયા, વિપુલ પટેલ, અજીતભાઈ લોડાયા શરદ લોડાયા, વિજય લોડાયા તથા સર્વે કાર્યકરો દ્વારા જોરદાર મહેનતથી પહેડીનું આયોજન સફળ બનાવેલ

## જામનગર માં માતાજીની ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન જામનગર દ્વારા ગઈ તા. ૨૦.૫.૧૪ મંગળવારે મહાકાળી માતાજીની ભાવનાનું સુંદર આયોજન કરવા આવેલ.

કુ. ખ્યાતીબેન વિજયભાઈ વોરા ના ૨૦માં જન્મ દિવસની ખુશાલી નિમિતે શ્રીમતી પુષ્પાબેન વિજયભાઈ વોરા તરફથી આ ભાવના રખાયેલ. નવી રચાયેલી કમિટીનો પહેલો કાર્યક્રમ હોઈ, કમિટીનો ઉત્સાહ વધારવા જામનગર મહાજનના ભુતપુર્વ પ્રમુખશ્રી દામજી નરશી મોટરવાલા તેમજ મહાજનના મોટા ભાગના વડીલો ભાવનામાં ભક્તિ કરવા પધારેલ.

મહાજનના માનદમંત્રી શ્રી પ્રકાશભાઈએ બધા જ્ઞાતિજનોને આવકાર આપી અને માતાજીની ભાવ પુર્વક થયેલ ભાવનાનો આભાર માનેલ. કાર્યક્રમને સફળ બનાવવા પ્રકાશભાઈ, ગૌતમભાઈ, મનીષભાઈ તથા હિરેન શિયાળ એ ખાસ જહેમત લીધી.

## શ્રી નાકોડા નગર કારોબારી સમિતિ

શ્રી ગાંધીધામ જૈન સેવા સમિતિ - કો - ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. શ્રી નાકોડા પાર્શ્વનાથ નગરની સામાન્ય સભામાં આગામી બે વર્ષ માટે આ મુજબના ૧૧ સભ્યોની કારોબારી સમિતિની નિમણુક કરવામાં આવી.

પ્રમુખ સંદિપ કિશોરભાઈ શાહ - સાંચા, ઉપપ્રમુખ પારસમલ એચ. ચૌહાણ, મહામંત્રી મુકેશ ટી. બેલાણી, ખજાનચી સંજય એમ. મહેતા, સહમંત્રી કરીટ બી. મહેતા કારોબારી સભ્યોમાં શાંતીલાલ આર. પટવારી, હિતેન્દ્ર એ. છેડા, રમેશભાઈ મોરબીયા, આનંદ પી. સંઘવી, નિર્મલાબેન વી. લોડાયા તથા પદમીનીબેન એમ. નાગડા.

## શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન

ઉપરોક્ત મહાજનશ્રીની એક વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૦૧.૦૬.૨૦૧૪ના સવારના ૧૦.૩૦ કલાકે કાલીદાસ કાફે, સ્વીમીંગ પુલ પાછળ, કાલીદાસ સંકુલ, પુરૂષોત્તમ ખેરાજ રોડ, મુલુંડ (પ), મુંબઈ - ૪૦૦ ૦૮૦ ખાતે મળશે. સર્વે સભ્યોનો પધારવા વિનંતી છે.

## ભાડુંપમાં ચૈત્ર માસની શાશ્વતી ઓળી

શ્રી.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઇ અને શ્રી ક.દ.ઓ. જૈન સંઘના ઉપક્રમે ચૈત્ર માસની શાશ્વતી ઓળી પ.પૂ.સા.શ્રી વિશ્વલતાશ્રીજી મ.સા.આદીઠાણા ચારની ચૈતન્યશીલ નીશ્રામાં અપૂર્વ આનાદે સાંપાન્ન થઇ. પૂ.સા.શ્રી અનંતકિર્તીશ્રીજી.મ.સા.એ શ્રીપાલ મયણાના રાશની વાર્તાને સમજના સાથીએ ચીતરી. પૂ.સા.શ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા. (નલીયા)એ સિધ્ધચક્રના નવ પદના મહત્વને મહિમાએ વર્ણવ્યા. શ્રી.ક.વી.ઓ. અચલગચ્છ સંઘને ઉપાશ્રયના રીપેરીંગે અંતરાય નડતાં એ સંઘના આરાધકોએ આપણા રસોડે લાભ આપ્યો. નિત્ય ૬૫ થી ૭૫ સુધી આરાધકો આયંબીલ કરતાં. શ્રી મધુબેન ડાઘા શ્રી શોભનાબેન મોમાયા શ્રી કસ્તુરબેન લોડાયા કુ. હર્ષા દંડ અને કુ. મિત્તલ લોડાયા વગેરે સાથે ક.વી.ઓ. સંઘની પાંચ સાત બહેનોએ સુચારૂ વ્યવસ્થા સંભાળી સૌને ભાવ વિભોર કર્યા.

આયંબીલ ઓળીનો માતુશ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા સાંધવવાળા પરિવારે ઉછળતા ભાવે લાભ લઇ ૭૫ આરાધકોને ભીના ભાવે પારણા કરાવી પ્રભાવના કરી. શ્રી સંઘ તરફથી કુમાર દંડ, લહેરચંદ મૈશેરી અને મહાજન શ્રીના મંત્રીશ્રી ચેતન મોતાએ લોડાયા પરિવારની ખોબલે અનુમોદના કરતાં વ્યવસ્થાપક બહેનોએ માતુશ્રી કાંતાબેનનુંશાલ શ્રીફળ અને ચંદન તિલકે ગૌરવ કર્યું. શ્રી ક.વી.ઓ. સંઘના શ્રી વસંત છેડાએ સંઘની સુચારૂ વ્યવસ્થા ઉદાર મનડે સંભાળતા આભાર અને અહોભાવે વધાવી. તપસ્વીઓને પ્રભાવના કરી. પ્રત્યુત્તરે કાંતાબેને સજળ નેત્રે અભાર માન્યો તેઓશ્રી આ સળંગ ૧૫મી ઓળીના સહાયક લાભાર્થી છે. વ્યાખ્યાન અને પ્રતિક્રમણે લગભગ રૂા.૭૦૦૦/- ની પ્રભાવના થઇ.

ચૈત્રી પૂનમે સા.શ્રી વિશ્વલતાશ્રીજી મ.સા.એ સિધ્ધાચલ તીર્થ મહિમાને અનેક વાતે વધાવતાં યર્શદાને ભીજવી દીધી. લહેરચંદ મૈશેરી એ ગુરૂદેવોના ઉપકારોને વધાવી આભાર વ્યકત કર્યો. ખીચોખીચ ભરાયેલ ઉપાશ્રયમાં સૌએ સિધ્ધાચલ તીર્થ પટ સમક્ષ ૧૦૮ ખમાસણાં આપી ગુરૂદેવો સાથે ચૈત્યવંદન કર્યુ. માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ સાધવ અને માતુશ્રી વિજયાબેન કુંવરજી હરશી લોડાયા રાપરવાળા તરફથી બુંદી સેવનુ ભાથું અપાયું. અન્ય પણ રૂા. ૧૫ની પ્રભાવના થઇ. નાતના સંસ્કૃત વારસાને જાળવી રાખતા શ્રી લક્ષ્મીબેન ધરમશી અને કસ્તુરીબેન મણિલાલ લોડાયા નિત્ય ગહુંલી ગાતા.

## સુથરી જિનાલયની વર્ષગાંઠ

શ્રી સુથરી મહાતીર્થ મધ્યે વૈશાખ સુદ -૮ તા. ૭/૫/૧૪ ના ભવ્ય દિવસે શ્રી સુથરી જૈન દેરાસરના ૧૭૬મા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ તેની વર્ષગાંઠ સુથરી મધ્યે હર્ષો ઉલ્લાસથી ઉજવવામાં આવી.

સવારના પ.પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ના સાનિધ્યમાં શ્રાવક-શ્રાવિકાઓએ સતરભેદી પૂજા ભણાવેલ. શા પોપટલાલ સાકરચંદ મદ્રાસવાલા પરિવારે શીખરજી ઉપર ધજા ચડાવવાનો લાભ લીધેલ. તેમજ બપોરની સાધર્મિક ભકિત એજ પરિવાર તરફથી કરાવવામાં આવેલ. વૈશાખ સુદ-૯ સુધી વિવિધ દાતાઓ તરફથી ભોજન શાળામાં સાધર્મિક ભકિત સંઘ જમણનો લાભ સર્વેએ લીધેલ હતો.

## શ્રી મોમાઇ માતાજી પહેડી (સાંયરા)

સં ૨૦૭૦ના વૈશાખ સુદ ૫ ને શ્રી મોમાઇ માતાજીની ચોથી સમુહ પહેડીરવિવાર તા.૪/૫/૧૪ ના મુંબઇમાં શ્રીકપોળ વાડી-ઘાટકોપર મધ્યે લાભાર્થી દાતા માતુશ્રી ભચીબાઇ લીલાધર મેઘણ મોમાયા પરિવાર હ.ભોઇમા જયાબાઇ નવિનચાંદ મોમાયા (સાંયરા)ઘાટકોપર ના અમુલ્ય યોગદાનથી લગભગ ૫૦૦થી પણ વધુ ભાવિકો, નિયાણી બહેનો આમંત્રિત મહેમાનોની હાજરીમાં ખૂબ જ ધામધુમ પૂર્વક ઉજવાયેલ.

શ્રી મોમાઇ માતાજીને ચુંદડી ચડાવવાના લાભાર્થી માતુશ્રી જયાબેન મધુકર મોમાયા (સાંયરા) ભાંડુપ પરિવાર રહેલ. ફુલહાર ચડાવવાના લાભાર્થી માતુશ્રી કુંવરબાઇ નેણશી શામજી સોની (સાંયરા) ધુલિયા પરિવાર રહેલ. ચાંદીનો છત્ર ચડાવવાના લાભાર્થી શ્રી વર્ધમાન જીવરાજ લોડાયા (કોઠારા) જલગામ પરિવાર રહેલ. ધણીબાવા શ્રી રામાપીરની આરતીના લાભાર્થી માતુશ્રી જયાબાઇ દિનેશ મોમાયા (સાંયરા) ડોંબિવલી પરિવાર રહેલ.

પાંચમી સમુહ પહેડીના લાભાર્થી દાતા રૂપે માતુશ્રી નિર્મલાબેન વાલજી મોમાયા (બારોઇ)

સેદાપૂર પરિવાર, છઠ્ઠી સમુહ પહેડીના લાભાર્થી દાતા રૂપે માતુશ્રી લક્ષ્મીબેન રતીલાલ ખીમજી મોમાયા (સાંયરા) ડોંબિવલી પરિવાર હ. પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા તેમજ સાતમી સમુહ પહેડીના લાભાર્થી દાતા રૂપે માતુશ્રી ચંદનબાઇ વિશનજી દેવરાજ પટેલ મોમાયા (સાંયરા) ઘાટકોપર પરિવાર આદિના નામ જાહેર થયા. આ પહેડીના દાતા પરિવારે યાદગીરી રૂપે બેગની પ્રભાવના કરેલ.

સામાન્ય સભામાં સાંયરા શ્રી મોમાઇ માતાજીના સ્થાનનું 'શ્રી મોમાઇ માતાજી દેવસ્થાન -સાંયરા નામકરણ કરવામાં આવેલ, જેની કુલ અગિયાર જણાની કાર્યવાહક સમિતિ બનાવવામાં આવેલ.

### ભાંડુપ આદેશ્વર દાદાના જન્મ તથા ભાંડુપમાં દિક્ષા કલ્યાણક ઉજવણી

ભાંડુંપમાં આદેશ્વર દાદાના જન્મ તથા દિક્ષા કલ્યાણકની ઉજવણી પ.પૂ.સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.આદી ઠાણા બેની નિશ્રામાં નેમ રાજુલની ચોરીવાલા આદેશ્વર જિનાલયે ફા.વદી ૮ ના સ્નાત્ર મહોત્સવ દ્વારા થઈ . પૂ.શ્રીએ હર્ષોલ્લાસે સ્નાત્ર મહોત્સવ દ્વારા જિનેશ્વરદેવોના હર કલ્યાણકની ઉજવણીનું સવિસ્તાર વિવેચન આપી રસતરબોળ કર્યા. શ્રી સંઘની અપીલે ભાવિકો ફળ ફૂલ અને નૈવેધે થાળ છલકાવી પ્રભાવનો ફાળો આપતાં રૂા૨૪-૨૪ ની પ્રભાવના થઈ. શ્રી લક્ષ્મીબેન વેલજી ધરમશી તથા શ્રી કસ્તુરબેન મણિલાલ લોડાયા મધુરા સાદે સ્તવનોની રમઝટ જમાવતાં ઉપસ્થિતોએ રંગ જમાવ્યો. શ્રી લહેરચંદભાઇએ હવેથી આજ રીતે કલ્યાણકો ઉજવવા અપીલ કરી આભાર માન્યો. સાંજે શ્રી રૂક્ષ્મણીબેન દામજી લોડાયા તરફથી આંગી રચાઇ.

### દાદાશ્રી કલ્યાણસાગર સૂરી જૈન પાઠશાળા (ભાંડુપ)

ઉપરોકત પાઠશાળા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના સહયોગે ૪૫ વર્ષથી અનંતસિધ્ધિ કમ્પાઉન્ડમાં ચાલે છે. ૧૬/૧૬ સંયમીઓએ પ.પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના હિતોપદેશે અને ધાર્મિક શિક્ષણે સંપન્ન થઇ સંયમના માર્ગે વિચરી રહ્યા છે!! આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિધાપીઠ - મુંબઇ યોજેલ અભિયાને ૧. કુ. મિત્તલ મધુકર લોડાયા/ સાંધવ એ મૌખિક પરીક્ષા, પંચપ્રતિક્રમણ કંઠસ્થ. ૨. વૈભવ મનોજ લોડાયા/ બાંઢીયા લેખિત તેમજ ગુણ ચોવીસી કંઠસ્થ, ૩. કુ.ભૂમિ હેમંત લોડાયા /સાંયરા બે પ્રતિક્રમણ સૂત્ર કંઠસ્થ, ૪. મિહિર હેમંત લોડાયા/ સાંયરા બે પ્રતિક્રમણસૂત્ર કંઠસ્થમાં ૫. વિરતી મેહૂલ લોડાયા/સાંયરા સામાયિક લેવા-પારવાના સૂત્ર કંઠસ્થ, ૬. કુ. પૂજા રાકેશ લોડાયા/ કોઠારા બાલવર્ગ માં મૌખિક સુત્રો કંઠસ્થ, ૭. અ.સૌ.રાખીબેન રાજેશ લોડાયા, ૧ ધોરણમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. ઉપરોકત સૌનું શ્રી નયનભાઇ ભેદા, શ્રી સમીર નાગડા, શ્રી જયેશ જૈન અને શ્રી ઠાકરશીભાઇ ગોશરના વરદ હસ્તે ઉચ્ચિત ગૌરવ કરવામાં આવ્યું. પાઠશાળાના શિક્ષિકા અ.સૌ.શ્રી પારૂલ જતીન દેઢિયાની પણ શાલ શ્રીફળ અને માળા દ્વારા અનુમોદના કરાઇ.

આજ પાઠશાળાના ભૂતપૂર્વ વિધ્યાર્થી અને હાલ વરસોથી શંખેશ્વર પાઠશાળામાં ધાર્મિક શિક્ષણે સેંકડો બાળકોમાં સંસ્કારોનું સિંચન કરતા. અ.સૌ. વાસંતીબેન કિરિટ લોડાયા/ બાંઢીયાવાલા જૈન ધાર્મિક શિક્ષણ સંઘની ૪૦૦થી અધિક પાઠશાળાઓના ધાર્મિક શિક્ષકોમાંથી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત કરતા થયાની માહિતી શ્રી લહેરચંદ મૈશેરીએ આપી અને ઉપરોકત મહાનુભાવોના હસ્તે શાલ શ્રીફળ અને માલા પહેરાવી કેસરના તિલકે સન્માન્યા.

વાસંતીબહેન સૌ ઉપકારો અને યશ પ.પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના ચરણે ધર્યા હતા.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

મહાવીર જયંતીના દિવસે હજારો ભાવિકોની વચ્ચે શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય પાઠશાળા વગેરે તરફથી વાસંતીબહેનને મોમેન્ટો શાલ શ્રીફળ અને માલાએ ઉચિત ગૌરવ કરાયું. સૌ પદાધિકારીઓએ આ ઘટનાને ભાડુંપના ગૌરવે બીરદાવલી કરાઇ. વાસંતીબહેને ગળગળા સાદે પ્રતિસાદ આપ્યો.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, જામનગર

જામનગર જ્ઞાતિ મહાજનની સામાન્ય સભા તા. ૨૦.૪.૧૪ના યોજવામાં આવેલ. જેમાં વર્ષ ૨૦૧૪ - ૧૫ થી ૨૦૧૬-૧૭ સુધી નવી કમિટીની રચના કરવામાં આવેલ છે, તે અનુસાર : પ્રમુખઃ હિરેન હિમતલાલ શિયાલ, સેક્રેટરી : પ્રકાશ કાન્તિલાલ ધરમશી, ખજાનચી : ગૌતમ ખેતશી મોમાયા અને ગૌતમ શાંતિલાલ મોતા તથા મનિષ વિશનજી વોરા કારોબારીના સભ્યો તરીકે નીમાયા છે.

## કોઠારા ગામે થયેલ ધર્મારાધના

કોઠારા ગામે થયેલ ધર્મારાધના બાબત વિવિધ પુસ્તક / સામાયિકમાં જે માહિતી અપાય છે તેમાં ઘણી વખત કચાશ હોય છે. એ ધ્યાનમાં રાખી કોઈ ગેરસમજ નથાય તે માટે સાચી માહિતી અહીં પ્રસ્તુત છે.

પ.પુ.આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી એ સંવત ૨૦૩૩નું ચાતુર્માસ કોઠારા ખાતે કર્યું હતું.

પ.પુ. આચાર્ય ભગવંત કલ્યાણસાગર સુરીશ્વરજી એ સંવત ૧૬૮૦માં કોઠારા તીર્થમાં ચાતુર્માસ કર્યું હતું.

***- મુરજી નરશી શાહ (કોઠારા. ભદ્રેશ્વર)***

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ભાવેશ રતિલાલ શિયાડ** | ૧૪, ન્યુ અંજતા સદન, કો.હા.સો. મહાત્મા ફુલે રોડ, ડોંબિવલી (પ), |
| **સચિન ઉત્તમચંદ નાગડા** | એચ-૩-૪-૨૦૫/૨, લિંગમપેલ્લી, રાઘવેન્દ્ર મંદિરની નજીક, કાચીગુડા, હૈદ્રાબાદ - ૫૦૦૦૨૭ |
| **નવિનચંદ વિસનજી નાગડા** | કે.ઓફ. કચ્છી ભવન ધર્મશાળા, કે. પી. સંઘવીની બાજુમાં, શંખેશ્વર તીર્થ, ગુજરાત - ૩૮૪૨૪૬ |
| **શાંતિલાલ એલ. છેડા** | એચ - ૨૦૧, ગંગા સવેરા, જાબુલકર ગાર્ડનની નજીક, શિવારકર રોડ, વાનોવરી, પુના - ૪૧૧૦૪૦ |
| **લહેરચંદ નરશી મૈશેરી** | ૭૦૪, મુલુંડ દેવી, સી. એચ. એસ, ઓફ દેવીદયાલ રોડ, બેંક ઓફ ઈંડિયાની પાછળ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦૦૮૦ |
| **ભરત એમ. લોડાયા** | ૫/૧૨૦, કાપડ માર્કેટ, ઈચલકરંજી - ૪૧૬૧૧૫ |
| **સી. એ. પદમકુમાર ટી. પોલડીયા** | બી-૧૦, આચાર્ય દેશભુશન કો.ઓપ.હા.સો.લિ, સી.કે.પી. હોલની સામે, ચેમ્બુર, મુંબઈ - ૪૦૦૦૮૯ |
| **શૈલેષ આર શાહ (મૈશેરી)** | ૧૦૨, સત્યમ શોપિંગ સેન્ટરની આગળ, એમ. જી. રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦૦૭૭ |
| **લખમશી ચત્રભોજ સાયલા** | ફ્લેટ નં. ૫, એ વિંગ, પહેલે માળે, નામદિપ બિલ્ડીંગ, નાથ પૈ નગર, ૯૦ ફીટ રોડ, વિક્રાંત સર્કલ પાસે, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦૦૭૭ |
| **ડો. ઈલા વી મૈશેરી** | બી -૪/૨૦૬, બીજા માળે, મુક્તી, કો.ઓપ.હા.સો.લિ, દેવરત્ન નગર, એસ. એમ. રોડ, ચુનાભટ્ટી (પુ), મુંબઈ - ૪૦૦૦૨૨ |

**નવા/બદલાયેલા ફોન નંબર**

**સી. એ. પદમકુમાર ટી. પોલડીયા** 09820413141 **શૈલેષ આર શાહ (મૈશેરી)** 022 - 25019724 /09820069724

**ડો. ઈલા વી મૈશેરી** 022-24053840 / 09869567613 / 09821024519

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૧૪ | હુબલી | હેતવી-પ્રિયા/જીતીન શાંતિલાલ મોમાયા | મોટી સિંધોડી | પુત્રી |
| ૧૮.૦૨.૧૪ | ભાંડુપ | પીઓની-મીના/કેતન ગોવિંદજી લોડાયા | સુજાપુર | પુત્રી |
| ૦૨.૦૪.૧૪ | અમદાવાદ | અનઈકા-દર્શના/આદિત્ય શાંતિલાલ છેડા | નલિયા | પુત્રી |
| ૨૯.૦૪.૧૪ | થાણે | અર્હમ-દિશા/જયંત કિશોર હિરાચંદ ખોના | સાંયરા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૫.૧૪ | ડોંબિવલી | વિનય હંસરાજ ધરમશી | ભરૂડીયા | ૨૫ |
| | ડોંબિવલી | રિદ્ધી ગિરીષ વીરજી | દલતુંગી | ૨૪ |
| ૦૧.૦૫.૧૪ | સાંગલી | રીપેશ રાજેશ ભવાનજી મોતા | વારાપધર | ૨૪ |
| | ડોંબિવલી | તેજલ પંકજ વિસનજી ખોના | તેરા | ૨૨ |
| ૦૨.૦૫.૧૪ | ડોંબિવલી | પ્રિતેશ ગુલાબ લખમશી લાપસીયા | દલતુંગી | ૨૫ |
| | ડોંબિવલી | અંકિતા ઉત્તમ વિરજી ડાઘા | દલતુંગી | ૨૫ |
| ૧૫.૦૫.૧૪ | મુલુંડ | પ્રશાંત અજીત માલસી લોડાયા | તેરા | ૨૭ |
| | વડોદરા | હિરલ શાંતિલાલ શામજી ગાલા | તેરા | ૨૫ |
| ૧૮.૦૫.૧૪ | અમદાવાદ | રૂષભ લલિત સોમચંદ છેડા | જસાપર | ૨૫ |
| | અંજાર | કરૂણા નવિન વેલજી સોની | જખૌ | ૨૫ |

### આંતર જ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૫.૧૪ | વડોદરા | મિતેન કેતન ભારમલ લોડાયા | ભાંડીયા | ૨૯ |
| | વડોદરા | રૂપાલી પદ્દમાકર અભયંકર | રત્નાગિરી | ૨૯ |
| ૧૪.૦૫.૧૪ | માધાપર | લોકેશ તારાચંદ વિસનજી લોડાયા | સુથરી | ૨૭ |
| | માધાપર | ભાવિકા મહેશ માવજી સોલંકી | નખત્રાણા | ૨૭ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૫.૧૪ | કોચીન | દિવેશ નિતીન દેવશી ખોના | નલીયા | ૨૯ |
| | હુબલી | વૈશાલી મહેશ નવીનચંદ્ર ખોના | મોટી ખાવડી | ૨૪ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૫.૧૪ | કોચીન | હનિષ નિતિન દેવશી ખોના | નલિયા | ૨૬ |
| | કોચીન | રોશની અશ્વિન મુલજી સાકરાણી | માંડવી | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૫.૧૪ | ડોંબિવલી | હંસરાજ પદમશી રૂપશી ધરમશી | ભરૂડીયા | ૮૫ |
| ૧૯.૦૫.૧૪ | મુલુંડ | પ્રતાપ કલ્યાણજી મણશી ધરમશી | સુથરી | ૬૮ |
| ૨૦.૦૫.૧૪ | ડોંબિવલી | શિવજી માણેકજી શામજી લોડાયા | આરીખાણા | ૮૬ |
| ૨૦.૦૫.૧૪ | ગદગ | કિર્તીકુમાર શિવજી કાનજી નાગડા | તેરા | ૫૩ |
| ૨૧.૦૫.૧૪ | મીરા રોડ | ધિરજ વિરજી માવજી ગોસર | ગોએરસમા | ૫૮ |

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 | day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# કેન્સર એટલે કેન્સર નહીં જ લલાટે લખેલું કોણ મિથ્યા કરે ?

ટાટા હોસ્પિટલના ઓનકોલોજીસ્ટ ડો. જે. જે. વ્યાસે મારા મોટા ભાઈના સીટી સ્કેન, પેથોલોજીકલ રીપોર્ટ, સોનોગ્રાફી, એક્સરે વિગેરે જોઈ પોતાનો એક્સપર્ટ ઓપીનીયન આપી ચુકેલા. કુલીનભાઈ, આ તો ગોન કેસ છે. આટલા મોડા કેમ આવ્યા? હવે કંઈ થાય નહીં.

સેકંડ ઓપીનીયન માટે મુલુંડના ડોક્ટર પણ લગભગ એવો જ અભિપ્રાય આપ્યો! કેન્સર હોવાનું નિદાન ખૂબ મોડેથી થયું છે, તેમ જણાવાયું. આ બધીય વાત રડમસ અવાજે મારા પરિવારજનોને કરતાં ઘરમાં ખુબ જ ગંભીર વાતાવરણ સર્જાયું. સૌ કોઈની આંખમાં આંસુ સરી પડયા.

હવે શું કરશું? કીમોથેરપી, રેડીયોથેરપી, સર્જરી એવા બધાય કીમીયા ટોપ કલાસના ડોક્ટરના માર્ગદર્શન હેઠળ કરાવીશું, તેવી સ્ટ્રેટેજીમાં સૌ કોઈએ સાદ પૂર્યો. સૌ કોઈમાં ચિંતાના વાદળો ઘેરાઈ ગયા ભાભીની આંખમાંથી અશ્રુધારા સતત વહેતી રહી. હે ભગવાન, અમારે ઘેર આ માંદગી કેમ આવી? મોટા ભાઈને દારૂ, સીગરેટ કે એવા કોઈ વ્યસન નહીં. ખાણીપીણીમાં પણ સદાય શિસ્ત, મોર્નીંગ વોક પણ દરરોજ નિયમિતપણે તેઓ કરતા જ.

કેન્સરથી સર્જાતા દુ:ખની કલ્પનાથી અને તેની પીડાથી અમે સૌ કોઈ બેબાકળા બની ગયા. કેન્સર શબ્દ માત્રના કાલ્પનિક ભયથી અમે સૌ કોઈ ડરી ગયા હતા.

જીવનના નિશ્ચિત અંત તરફ દરદી પહોંચી ગયો છે તેવી ભ્રમણા બધાયના મનમાં ઘર કરી ગઈ.

આવી ગંભીર પળોમાં બોમ્બે હોસ્પિટલમાં છેલ્લા ૩૫ વરસથી દરદી નરાયણની નોંખી સેવા સતત કરી, અનેકની નાની મોટી મુશ્કેલી દુર કરી ચુકેલા સામાજિક સેવાભાવી શ્રી બાબુભાઈ છેડાનો અચાનક મને ફોન આવ્યો. હાલ હવાલ પુછતાં મારા રણકામાં રડમસ અવાજ તેમને સંભળાયો. એટલે ગંભીરતાથી તેમણે પુછી નાંખું, કેમ કુલીન, આજે કેમ સીરીયસ દેખાય છે? કોઈ તકલીફ? એટલે મેં અતથી ઈતિ કલકત્તાથી મુંબઈ આવી જે ડોકટરોને દરદીના રીપોર્ટ બતાડેલ તેમની વાત અને તેમના અભિપ્રાય બાબુભાઈને જણાવ્યા.

એમાં શું થયું? ડોન્ટ વરી, કુલીન હું કેન્સર સર્જન ડો. હેગડેની એપોઈન્ટમેન્ટ કાલે સાંજે ૪ વાગે લઉં છું. પેશન્ટના બધા કેસ પેપર રીપોર્ટ વિગેરે લઈ બોમ્બે હોસ્પિટલમાં ડો હેગડે પાસે દરદી સાથે પહોંચી જજે. હિંમત રાખજે કંઈ નહીં થાય એવી ધરપત આપી.

એપોઈન્ટમેન્ટ પ્રમાણે અને ડો. હેગડેના મળ્યા અને તેમના માર્ગદર્શન પ્રમાણે આગળ વધ્યા. સમયસરના ઉપચાર, સારવાર અને સર્જરીથી મોટાભાઈને ઘણી રાહત થઈ તે પછી આશરે ૨૦ વર્ષોનું આયુષ્ય ભોગવ્યું, હાલમાં જ ૨૬ ફેબ્રુઆરીના તેઓ અરિહંતશરણ થયા.

આ આપ્તજન જેવા શ્રીબાબુભાઈ છેડાનો પરિચય તેમને પણ એક વખત કેન્સર થયેલ. એ બિમેરીએ તેમને સામાજિક કાર્યો તરફ ખેંચ્યા અને માનવજ્યોતની કોલકતા બ્રાન્યનાં શુભારંભ કર્યો, તે વખતે રૂપિયા ૫ લાખની રકમનું અનુદાન અને સાથે એક એમ્બ્યુલન્સ વાહન પણ સંસ્થાને પાયાની તેજશભાઈએ ભેટ તરીકે આપ્યા. તેમના ચિ. તેજશભાઈ અને ચિ. વિરેશભાઈ ત્યારથી એ સંસ્થાની પ્રવૃત્તિમાં પોતાનો કિંમતી સમય અને સંપતિ ખર્ચી માનવસેવાના અનેક નાના મોટા કામો નિ:સ્વાર્થપણે નિષ્ઠાથી કરતા રહે છે, અને આજે એક મોટા ટીમ વર્ક સાથે સેવાની પ્રવૃત્તિનો દોર સતત ચાલુ રાખ્યો છે.

સંસ્થાની શરૂઆતના પ્રથમ વર્ષે સમાજ પાસેથી એક પણ પૈસો લીધા વિના સેવાના કામો આરંભ્યા અને અપાયેલ રકમ સમાજ ઉત્કર્ષાર્થે વાપરી દેખાડી. સમય વીતતાં હવે દિલાવર દાતાઓના સહયોગથી અનેકાનેક સેવા પ્રવૃત્તિઓનો લાભ, જરૂરતમંદોને મળી રહે છે.

કિડની ડાયાલીસીસમાં મદદ, સાધર્મિક ભક્તિ, બ્લડ ડોનેશન કેમ્પ અને પછાત વિસ્તારોમાં મેડીકલ શિબીરોનું આયોજન કરી જરૂરતમંદને વિનામુલ્યે દવા, ગરીબોને ભરપેટ ભોજન આપવા જેવા નાના મોટા અનેક સેવાકામો એ તરવરીયા યુવકો ભારે જહેમત લઈ સફળતાપૂર્વક પાર પાડે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે કેન્સર કેન્સલ કરશે જીવનને વહેલી તકે, તેમ સમજવાની જરૂર નથી. આયુષ્ય રેખા ઈશ્વર ઘડે છે. માણસે પ્રયત્નો પ્રત્યે પાછી પાની કરવી જોઈએ નહીં, નહીં અને નહીં જ આવી પડેલી બીમારીનો ઈશ્વરની દિવ્ય પ્રસાદી ગણી સંઘર્ષ કરો. હારી ન જાઓ. માનવનું મન મહાન છે. મનને મજબુત રાખીએ.

– કુલીનકાંત ચાંપશી લુઠીયા (મુલુંડ)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**